સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS

WEEK 05 (30/01/22 to 05/02/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)



ICE® MAGIC

અર્ધવાર્ષિક કરન્ટ અફેર્સ (JULY to DEC)

- વર્તમાન પ્રવાહોની ઓછા સમયમાં સર્વશ્રેષ્ઠ તૈયારી માટે અત્યંત ઉપયોગી ટુ ધી પોઇન્ટ પરીક્ષાલક્ષી માહિતી
- રમતગમત, પુરસ્કારો, સંમેલનો, મહોત્સવ, સૈન્ય અભ્યાસ, અગત્યની નિમણૂકો તથા મહાનુભાવોના નિધન
- ગુજરાત તથા ભારત સરકારની મહત્વની યોજનાઓ, નીતિ નિર્ણયો નોબેલ પુરસ્કાર, ટોક્યો ઓલિમ્પિક, રિપોર્ટ, ઇન્ડેક્સ તથા રેન્કિંગ




www.iceonline.in

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**30 JAN-2022**

- દિવસ મહિમા : 30 જાન્યુઆરી, શહીદ દિન (મહાત્મા ગાંધી પૂણ્યતિથિ), રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિન ........ 02
- વર્ષ 2021-2022માં ભારતનો વિકાસ દર 9% રહેશે : IMF ........ 02
- ભારત-મધ્ય એશિયા સમિટ ........ 02
- ભારત અને ઈઝરાયેલ સંબંધો ........ 04
- QUESTION ANSWERS ........ 06

**31 JAN-2022**

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પંડિત જસરાજ કલ્ચરલ ફાઉન્ડેશનની શરૂઆત કરી ........ 07
- સુશ્રી શિયોમારા કાસ્ટ્રો હોન્ડુરાસના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા ........ 09
- ઓસ્ટ્રેલિયન ઓપન 2022 ........ 09
- QUESTION ANSWERS ........ 12

**01 FEB-2022**

- દિવસ મહિમા : 01 ફેબ્રુઆરી, ભારતીય કોસ્ટ ગાર્ડ સ્થાપના દિવસ ........ 13
- Economic Survey 2021-22 ........ 13
- QUESTION ANSWERS ........ 29

**02 FEB-2022**

- દિવસ મહિમા : 02 ફેબ્રુઆરી, વિશ્વ આદ્રભૂમિ દિવસ (World Wetland Day) ........ 32
- વર્લ્ડ હેરિટેજ નોમિનેશન 2022-23 ........ 32
- પશ્ચિમ લહેર અભ્યાસ (Exercise Pachim Lahar) ........ 34
- QUESTION ANSWERS ........ 35

**03 FEB-2022**

- ભારતીય હોકી ગોલકીપર શ્રી શ્રીજેશને 'વર્લ્ડ ગેમ્સ એથ્લેટ ઓફ ધ યર'થી સન્માનિત કરવામાં આવ્યા ........ 36
- જનરલ જીએવી રેડ્ડી (GAV Reddy)ને DIAના નવા ચીફ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ........ 36
- 'Death Penalty in India' રિપોર્ટ ........ 36
- QUESTION ANSWERS ........ 38

**04 FEB-2022**

- દિવસ મહિમા : 4 ફેબ્રુઆરી, વિશ્વ કેન્સર દિવસ (World Cancer Day) ........ 39
- India Press Freedom Report, 2021 ........ 39
- 75 વર્ષ બાદ મણિપુરમાં પહોંચી પ્રથમ માલસામાન ટ્રેન ........ 40
- QUESTION ANSWERS ........ 41

**05 FEB-2022**

- દિવસ મહિમા : 5 ફેબ્રુઆરી, મહાસુદ પાંચમ-વસંતપંચમી ........ 42
- ચૌરી-ચૌરા ઘટનાના 100 વર્ષ ........ 42
- ભારતમાં બે નવી રામસર સાઈટ ઉમેરવામાં આવી ........ 43
- QUESTION ANSWERS ........ 44

**ONE LINER** ........ 45

**QUESTION OF THIS WEEK** ........ 49


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 30 જાન્યુઆરી, (1) શહીદ દિન (મહાત્મા ગાંધી પૂણ્યતિથિ)
## (2) રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિન

## વર્ષ 2021-2022માં ભારતનો વિકાસ દર 9% રહેશે : IMF

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)એ તાજેતરમાં તેનું વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક બહાર પાડ્યું છે.

- આ રિપોર્ટ અનુસાર વૈશ્વિક આર્થિક વૃદ્ધિ અગાઉના અંદાજ કરતા અડધા ટકા ઘટી જશે.
- IMFના અનુમાન મુજબ 2021-22માં ભારત 9%ના દરે વૃધ્ધિ પામશે તેના ઓક્ટોબર-2021ના અંદાજમાં IMFએ ભારતની વૃદ્ધિની સંભાવના 9.5% રહેવાનો અંદાજ મૂકયો હતો.
- IMFએ હવે 2022-23માં ભારતના અર્થતંત્ર માટે 9%નો અંદાજ મૂકયો છે.

### IMF

IMFનું પૂરું નામ 'ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ' છે.

- તેનું વડુંમથક અમેરિકાના વોશિંગ્ટન ડિસી ખાતે આવેલું છે.
- સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય ચૂકવણી પદ્ધતિઓમાં આવતી મુશ્કેલીઓ દૂર કરવામાં તથા આંતરરાષ્ટ્રીય નાણાકીય કટોકટીના સંતુલનમાં તેની મુખ્ય ભૂમિકા છે. તેમના કાર્યો આ મુજબ છે :

(1) સમગ્ર વિશ્વમાં નાણાકીય સ્થિરતા સુરક્ષિત રાખવી

(2) આંતરરાષ્ટ્રીય વ્યાપાર સરળ બનાવવો.

(3) ઉચ્ચ રોજગાર અને ટકાઉ આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવું.

(4) સમગ્ર વિશ્વમાં ગરીબી ઘટાડવી – વગેરેનો સમાવેશ થાય છે.

## ભારત-મધ્ય એશિયા સમિટ

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ ફોર્મેટમાં ભારત–મધ્ય એશિયા સમિટનું આયોજન કર્યુ હતું.

- તેમાં કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિઓએ ભાગ લીધો હતો.
- ભારત અને મધ્ય એશિયાના દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 30મી વર્ષગાંઠ પર પ્રથમ ભારત–મધ્ય એશિયા સમિટ યોજાઈ હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સમિટનું સંસ્થાકીયકરણ

આ સમિટમાં ભારત–મધ્ય એશિયા સંબંધોને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટેના આગામી પગલાંઓની ચર્ચા કરવામાં આવી હતી.

- તથા નેતાઓએ દર બે વર્ષે આ સમિટ યોજવાનો ઐતિહાસિક નિર્ણય લઈને શિખર મિકેનિઝમને સંસ્થાકીય બનાવવા સંમત થયા હતા.
- આ ઉપરાંત સમિટની બેઠકનો પાયો નાખવા માટે વિદેશ મંત્રીઓ, વાણિજ્ય મંત્રીઓ, સાંસ્કૃતિક મંત્રીઓ અને સુરક્ષા પરિષદના સચિવોની નિયમિત બેઠકો યોજવા માટે સહમત થયા હતા.
- નવી મિકેનિઝમને ટેકો આપવા માટે નવી દિલ્હીમાં ભારત–મધ્ય એશિયા સચિવાલયની સ્થાપના કરવામાં આવશે.

## ભારત-મધ્ય એશિયા સહકાર

નેતાઓએ વેપાર અને કનેક્ટિવિટી, વિકાસ સહયોગ, સંરક્ષણ અને સુરક્ષા અને ખાસ કરીને સાંસ્કૃતિક અને લોકો–થી–લોકોના સંપર્કના ક્ષેત્રોમાં સહકાર માટે દૂરગામી દરખાસ્તો પર ચર્ચા કરી હતી. જેમાં નીચેના મુદ્દાઓ સામેલ છે :

(a) ઉર્જા અને કનેક્ટિવિટી પર રાઉન્ડ ટેબલ બેઠક

(b) અફઘાનિસ્તાન અને ચાબહાર પોર્ટના ઉપયોગ પર વરિષ્ઠ સત્તાવાર સ્તરે કાર્યકારી જૂથ

(c) મધ્ય એશિયાના દેશોમાં બૌદ્ધ પ્રદર્શન અને સામાન્ય શરતોનો ઈન્ડો–સેન્ટ્રલ એશિયા ડિક્શનરી

(d) સંયુક્ત આતંકવાદ વિરોધી કવાયત

(e) મધ્ય એશિયાના દેશોમાંથી દર વર્ષે 100 સભ્ય યુવા પ્રતિનિધિ મંડળની ભારતની મુલાકાત અને મધ્ય એશિયાના રાજદ્વારીઓ માટે વિશેષ અભ્યાસક્રમો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારત-મધ્ય એશિયા સંવાદ

તે ભારત અને મધ્ય એશિયાના દેશો જેમ કે, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાન વચ્ચેનો મંત્રી સ્તરીય સંવાદ છે.

- શીત યુદ્ધ પછી **1991**માં **USSR**ના પતન પછી તમામ પાંચ રાષ્ટ્રો સ્વતંત્ર થયા હતા.
- તુર્કમેનિસ્તાન સિવાય તમામ સહભાગી દેશો શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનના સભ્ય છે.
- ભારત–મધ્ય એશિયા સંવાદ દર વર્ષે યોજાય છે. પ્રથમ સંવાદ વર્ષ 2019માં યોજાયો હતો.

## ભારત અને ઈઝરાયેલ સંબંધો

તાજેતરમાં <u>ભારત અને ઈઝરાયેલ</u> વચ્ચે <u>રાજદ્વારી સંબંધો</u>ના <u>30 વર્ષ</u> પૂર્ણ થયા છે.

- ભારત–ઈઝરાયેલ રાજદ્વારી સંબંધોની 30મી વર્ષગાંઠને આકાર આપવા માટે ભારત અને ઈઝરાયલ દ્વારા એક સ્મારક લોગો લોન્ચ કરવામાં આવ્યો છે.
- આ લોગોમાં <u>સ્ટાર ઓફ ડેવિડ</u> અને <u>અશોક ચક્ર</u> દર્શાવવામાં આવ્યા છે.
- આ બંને પ્રતીકો જે બંને દેશોના રાષ્ટ્રીય ધ્વજમાં દેખાય છે અને દ્વિપક્ષીય સંબંધોની <u>30મી વર્ષગાંઠ</u> નિમિત્તે <u>30 નંબર</u> બતાવવામાં આવ્યા છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ભારત-ઈઝરાયેલ સંબંધો

વર્ષ <u>1950</u>મા ભારતે ઈઝરાયેલને સત્તાવાર રીતે માન્યતા આપી હોવા છતાં, <u>29 જાન્યુઆરી, 1992</u>ના રોજ બંને દેશો દ્વારા સંપૂર્ણ રાજદ્વારી સંબંધોની સ્થાપના કરવામાં આવી હતી.

- <u>ડિસેમ્બર 2020</u> સુધીમાં ઈઝરાયેલ સાથે રાજદ્વારી સંબંધો ધરાવતા <u>164</u> યુનાઈટેડ નેશન્સ (UN) સભ્ય દેશોમાંનું ભારત એક હતું.
- ભારતનું દૂતાવાસ <u>તેલ અવીવ</u>માં સ્થિત છે અને ઈઝરાયેલનું દૂતાવાસ <u>દિલ્હી</u>માં છે.

### આર્થિક અને વ્યાપારી સંબંધો

બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર વર્ષ 1992ના 200 મિલિયન અમેરિકન ડોલરથી વધીને એપ્રિલ-2020-ફેબ્રુઆરી 2021ના સમયગાળા દરમિયાન વધીને 4.14 બિલિયન અમેરિકન ડોલર સુધી પહોંચી ગયો છે. (સંરક્ષણ સિવાય)

- આ દ્વિપક્ષીય વેપારમાં <u>હીરા</u>નો વેપાર લગભગ <u>50%</u> હિસ્સો ધરાવે છે.
- ભારત એશિયામાં ઈઝરાયેલનો ત્રીજો સૌથી મોટો વેપારી ભાગીદાર છે અને વૈશ્વિક સ્તરે સાતમો સૌથી મોટો વેપારી ભાગીદાર છે.
- ઈઝરાયેલની કંપનીઓએ ભારતમાં ઉર્જા, નવીનીકરણીય ઉર્જા, ટેલિકોમ્યુનિકેશન, રિયલ એસ્ટેટ અને વોટર ટેકનોલોજીમાં રોકાણ કર્યુ છે.

## સંરક્ષણ

ભારત ઈઝરાયેલના લશ્કરી સાધનોનો સૌથી મોટો ખરીદનાર છે.

- જ્યારે ઈઝરાયેલ રશિયા પછી બીજા નંબરનો સૌથી મોટો સંરક્ષણ સપ્લાયર છે.
- ભારતે પોતાની સેનામાં ઈઝરાયેલના ઘણા શસ્ત્રોનો સમાવેશ કર્યો છે. તેમાં ફાલ્કમ **AWACS**, હેરોન, હેરોપ અને સર્ચર ડ્રોન તથા સ્પાઈડર એન્ટી એરક્રાફ્ટ મિસાઈલ સિસ્ટમનો સમાવેશ થાય છે.

## કૃષિ ક્ષેત્રે સહકાર

મે **2021**માં કૃષિ વિકાસમાં સહકાર માટે 'ત્રણ વર્ષના કાર્ય કરાર' પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

- આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય હાલના શ્રેષ્ઠતા કેન્દ્રો વિકસાવવા, નવા કેન્દ્રો સ્થાપિત કરવા, **CoES**ની વેલ્યુ ચેઈનને વધારવા, આત્મનિર્ભર, સ્થિતિમાં શ્રેષ્ઠતાના કેન્દ્રો લાવવા અને ખાનગી ક્ષેત્રની કંપનીઓ અને સહયોગને પ્રોત્સાહિત કરવાનો છે.

નોંધ : (1) ઈઝરાયેલ વિશ્વના એવા કેટલાક દેશોમાંથી એક છે જેણે ભારતના પોખરણ પરમાણુ પરીક્ષણોની નિંદા ન કરવાનો નિર્ણય લીધો છે.

(2) ઈઝરાયેલે પાકિસ્તાન સામે 1965ના યુદ્ધ દરમિયાન ભારતને M-58 મોર્ટર દારૂગોળો પૂરો પાડયો હતો.



**1.** ભારતમાં 'શહીદ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 28 જાન્યુઆરી (B) 29 જાન્યુઆરી (C) 30 જાન્યુઆરી (D) 31 જાન્યુઆરી **(C)**

**2.** ભારતમાં કોની પુણ્યતિથિ 'શહીદ દિન' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી મહાત્મા ગાંધીજી (B) શ્રી શહીદ ભગતસિંહ

(C) શ્રી સુભાષચંદ્ર બોઝ (D) શ્રી લાલા લજપતરાય **(A)**

**3.** ભારતમાં 'રાષ્ટ્રીય કુષ્ઠરોગ નિવારણ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 29 જાન્યુઆરી (B) 30 જાન્યુઆરી

(C) 31 જાન્યુઆરી (D) 1 ફેબ્રુઆરી **(B)**

**4.** ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF) એ તાજેતરમાં તેનું વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક બહાર પાડયું છે. આ અંતર્ગત 2021-22માં ભારતનો વિકાસ દર............રહેશે.

(A) 5% (B) 6% (C) 8% (D) 9% **(D)**

**5.** તાજેતરમાં 'ભારત–મધ્ય એશિયા સમિટ'નું આયોજન થયું હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ સમિટમાં કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિએ ભાગ લીધો હતો.

(B) ભારત અને મધ્ય એશિયાના દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 30મી વર્ષગાંઠ પર પ્રથમ ભારત–મધ્ય એશિયા સમિટ યોજાઈ હતી.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને બંને (B) ખોટા **(C)**

**6.** તાજેતરમાં ભારત અને ઈઝરાયલ વચ્ચે રાજદ્વારી સંબંધોના કેટલા વર્ષ પૂર્ણ થયા છે ?

(A) 20 (B) 25 (C) 30 (D) 35 **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પંડિત જસરાજ કલ્ચરલ ફાઉન્ડેશનની શરૂઆત કરી



ભારતના પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજની 92મી જન્મજયંતિ નિમિતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પંડિત જસરાજ કલ્ચરલ ફાઉન્ડેશન'ની શરૂઆત કરી હતી.

- આ સમારોહ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકોને ભારતીય સંગીતને વિશ્વમાં લઈ જવાનો આગ્રહ કર્યો અને લોકોને સંગીત પર આધારિત સ્ટાર્ટઅપ સ્થાપવાનું કહ્યું હતું.

### પંડિત જસરાજ કલ્ચરલ ફાઉન્ડેશન

પંડિત જસરાજ કલ્ચરલ ફાઉન્ડેશનની સ્થાપના પંડિત જસરાજના પુત્ર શારંગ દેવ પંડિત અને તેમની પુત્રી દુર્ગા જસરાજ દ્વારા કરવામાં આવી હતી.

- આ ફાઉન્ડેશનની શરૂઆત ભારતના રાષ્ટ્રીય વારસા, કલા અને સંસ્કૃતિનું સંરક્ષણ, વિકાસ અને સંવર્ધનના ઉદ્દેશ્યથી કરવામાં આવી હતી.

### પંડિત જસરાજ

ભારતના પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર અને ગાયક પંડિત જસરાજનો જન્મ **28 જાન્યુઆરી, 1930**ના રોજ ભારતમાં વર્તમાન હરિયાણાના હિસાર જિલ્લાના પિલિ મંદોરી નામના ગામમાં થયો હતો.

- પંડિત જસરાજ મેવાતી ઘરાના સાથે સંકળાયેલા શાસ્ત્રીય સંગીતકાર હતા.
- પંડિત જસરાજ ભારતના પ્રસિદ્ધ શાસ્ત્રીય ગાયક હોવા ઉપરાંત અનેક ગાયકો માટે મહાન સંગીત ગુરૂ પણ હતા.
- ભારતીય શાસ્ત્રીય સંગીતને નવા આયામ સુધી પહોંચાડવામાં પંડિત જસરાજનું અનોખુ યોગદાન છે.
- પંડિત જસરાજે કારકિર્દીનો પ્રારંભ તબલા વાદક તરીકે કર્યો હતો. ત્યારબાદ તેઓ શાસ્ત્રીય ગાયક તરીકે પ્રસિદ્ધ થયા હતા.
- 'જસરંગી' તરીકે ઓળખાતી 'જુગલબંદી' નામની ગાયનની નવી શૈલી માટે તેઓ પ્રસિદ્ધ હતા.
- શાસ્ત્રીય સંગીતના પ્રદર્શન ઉપરાંત 'હવેલી સંગીત' જેવી અર્ધશાસ્ત્રીય સંગીત શૈલીઓને લોકપ્રીય બનાવવામાં પણ પંડિત જસરાજનું મહત્વનું યોગદાન હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## એવોર્ડ

**પંડિત જસરાજને એનાયત થયેલ મહત્વના એવોર્ડમાં નીચેના પુરસ્કારોનો સમાવેશ થાય છે :**

(1) પદ્મ શ્રી - 1975

(2) સંગીત નાટક અકાદમી એવોર્ડ - 1987

(3) પદ્મ ભૂષણ - 1990

(4) પદ્મ વિભૂષણ - 2000

(5) સ્વાતિ સંગીતા પુરસ્કારમ્ - 2008

(6) સંગીત નાટક પુરસ્કારમ્ - 2008

(7) મારવાડ સંગીત રત્ન એવોર્ડ - 2014

(8) સંગીત કલા રત્ન

(9) મહારાષ્ટ્ર ગૌરવ પુરસ્કાર

નોંધ : (1) પંડિત જસરાજને આ ઉપરાંત વર્ષ 2013માં ભારત રત્ન ભીમસેન જોશી ક્લાસિકલ મ્યુઝિક લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ પણ એનાયત થયો હતો.

(2) International Astronomical Union દ્વારા મંગળ અને ગુરૂ ગ્રહોની વચ્ચે શોધાયેલા એક ક્ષુદ્રગ્રહ (Astroid) 300128ને પંડિત જસરાજનું નામ આપવામાં આવ્યું છે. આવી સિદ્ધિ મેળવનાર પંડિત જસરાજ ભારતના પ્રથમ સંગીતકાર છે.

(3) વર્ષ 2012માં પંડિત જસરાજે એન્ટાર્કટિકાના દક્ષિણ ધ્રુવ પર પ્રસ્તુતિ આપવાની અનોખી સિદ્ધિ મેળવી હતી.

(4) પંડિત જસરાજે ગુજરાતના સાણંદના ઠાકુર સાહેબ મહારાજ જયવંતસિંહ વાઘેલા સામે પણ સંગીતની ઘણી પ્રસ્તુતિઓ આપી હતી. અને તેમની પાસેથી સંગીતની ઘણી બાબતો પણ શીખી હતી.

(5) પંડિત જસરાજનું 17 ઓગસ્ટ, 2020ના રોજ 90 વર્ષની વયે અમેરિકાના ન્યુજર્સી ખાતે હૃદયરોગના હુમલાથી નિધન થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુશ્રી શિયોમારા કાસ્ટ્રો હોન્ડુરાસના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા



સુશ્રી શિયોમારા કાસ્ટ્રો (Xiomara Castro)એ હોન્ડુરાસના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા છે.

- અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ સુશ્રી કમલા હેરિસ પણ આ શપથ ગ્રહણમાં સામેલ થયા હતા.
- સુશ્રી શિયોમારા કાસ્ટ્રો એક સમાજવાદી નેતા છે.
- સુશ્રી શિયોમારાએ 51% મત મેળવયા હતા. તેમને 1.7 મિલિયનથી વધુ વોટ મળ્યા હતા.
- આવું પ્રથમવાર છે જ્યારે કોઈ નેતાને આટલી મોટી સંખ્યામાં મત મળ્યા હોય.

### હોન્ડુરાસ

હોન્ડુરાસ એ એક મધ્ય અમેરિકન દેશ છે.

- તેની રાજધાની ટેગુસિગાલ્પા છે.
- હોન્ડુરાસને 1838માં મેક્સિકોથી સ્વતંત્રતા મળી હતી.
- તે મેસો–અમેરિકન (Meso-American) સંસ્કૃતિ માટે જાણીતું છે.
- મેક્સિકન પહેલા હોન્ડુરાસ સ્પેન હેઠળ હતું અને તે કારણોસર સ્પેનિશ હોન્ડુરાસમાં સૌથી વધુ બોલાતી ભાષા છે.
- હોન્ડુરાસ મુખ્યત્વે ખેતી પર નિર્ભર છે. તે તેની શેરડી અને કોફી માટે પ્રખ્યાત છે.
- હોન્ડુરાસ પ્રદેશમાં વિશ્વ વિખ્યાત માયા સંસ્કૃતિનો વિકાસ થયો છે. તે મેસો અમેરિકન સભ્યતા હતી.
- તે વિશ્વની સૌથી જુની સંસ્કૃતિઓમાંની એક છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઓસ્ટ્રેલિયન ઓપન 2022

તાજેતરમાં 17 જાન્યુઆરી થી 30 જાન્યુઆરી, 2022 દરમિયાન ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન પાર્ક ખાતે 110મી ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ટુર્નામેન્ટ 2022નું આયોજન થયું હતું.

- આ ટુર્નામેન્ટમાં 'મેન્સ સિંગલ્સ'ની ફાઈનલ મેચમાં રશિયાના શ્રી ડેનિલ મેડવેડેવને પરાજય આપીને સ્પેનના શ્રી રાફેલ નડાલે આ ટાઈટલ જીતી લીધું છે.
- આ સાથે શ્રી રાફેલ નડાલ વિશ્વમાં સૌથી વધારે ગ્રાન્ડ સ્લેમ જીતનાર ખેલાડી બની ગયા છે.
- તેમણે અત્યાર સુધીમાં કુલ 21 ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીત્યા છે.
- જ્યારે ઓસ્ટ્રેલિયાના સુશ્રી એશ્લે બાર્ટીએ અમેરિકાના સુશ્રી ડેનિયલ કોલિન્સને પરાજય આપીને 'મહિલા સિંગલ્સ'નું ટાઈટલ જીતી લીધું છે.
- સુશ્રી એશ્લે બાર્ટીએ પ્રથમ વખત ઓસ્ટ્રેલિયન ઓપન ટાઈટલ જીત્યુ છે.

## ઓસ્ટ્રેલિયન ઓપન 2022 વિજેતા

| ક્રમ | ટાઈટલ | વિજેતા | કોને હરાવીને ? |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી રાફેલ નડાલ (સ્પેન) | શ્રી ડેનિયલ મેડવેડેવ (રશિયા) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી એશ્લે બાર્ટી (ઓસ્ટ્રેલિયા) | સુશ્રી ડેનિયલ કોલિન્સ (અમેરિકા) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી થાનાસી કોક્કીનાકીસ (ઓસ્ટ્રેલિયા)<br>શ્રી નિક કિર્ગીઓસ (ઓસ્ટ્રેલિયા) | શ્રી મેક્સ પરસેલ (ઓસ્ટ્રેલિયા)<br>શ્રી મેથ્યુ એબ્ડેન (ઓસ્ટ્રેલિયા) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી બાર્બરા ક્રેજિકોવા (ચેક રિપબ્લિક)<br>સુશ્રી કેટરિના સિનિકોવા (ચેક રિપબ્લિક) | સુશ્રી અન્ના ડેનિલિના (કઝાકિસ્તાન)<br>સુશ્રી બીટ્રીઝ હાદ્દાદ માઈઆ (બ્રાઝિલ) |
| 5 | મિક્સ ડબલ્સ | સુશ્રી ક્રિસ્ટીના મ્લાડેનોવિક (ફ્રાન્સ)<br>શ્રી ઈવાન ડોડિંગ (ક્રોએશિયા) | સુશ્રી જેમી ફોરિલિસ (ઓસ્ટ્રેલિયા)<br>શ્રી જેસન કુબલર (ઓસ્ટ્રેલિયા) |

**નોંધ :** (1) સ્વિત્ઝર્લેન્ડના શ્રી રોજર ફેડરર અને સાર્બિયાના નોવાક જોકોવિચે 20 ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીત્યા છે.

(2) વર્ષ 2003માં મુખ્ય એસ્ટરોઈડ પટ્ટામાં 128036 એસ્ટરોઈડનું નામ શ્રી રાફેલ નડાલના નામ પરથી રાખવામાં આવ્યું છે. આ એસ્ટરોઈડ હવે રાફેલ નડાલ એસ્ટરોઈડ તરીકે ઓળખાય છે.

(3) સુશ્રી એશ્લે બાર્ટી ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ મહિલા ક્રિકેટર પણ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ

- ટેનિસની રમતની ચાર સૌથી મોટી ટુર્નામેન્ટમાં નીચે મુજબનો સમાવેશ થાય છે :
  (1) ઓસ્ટ્રેલિયન ઓપન
  (2) ફ્રેન્ચ ઓપન
  (3) વિમ્બલ્ડન
  (4) યુ.એસ. ઓપન
- ટેનિસ રમતની આ ચારેય સૌથી મોટી ટુર્નામેન્ટ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ તરીકે ઓળખાય છે.

## કઈ ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ ક્યારે યોજાય છે ?

| ક્રમ | ટુર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | ક્યા યોજાય છે ? | પ્રારંભ | ક્યા કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન | 1905 | હાર્ડકોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે/જૂન | પેરિસ | 1891 | ક્લેકોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ | જૂન/જુલાઈ | લંડન | 1877 | ગ્રાસકોર્ટ |
| 4 | યુ. એસ. ઓપન | ઓગસ્ટ/ સપ્ટેમ્બર | ન્યુયોર્ક | 1881 | હાર્ડકોર્ટ |

- યુએસ ઓપન એ દર વર્ષે વર્ષના અંતે યોજાતી વર્ષની ચોથી અને અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- યુ.એસ ઓપન એ હાર્ડકોર્ટ પર રમાતી ટેનિસ ટુર્નામેન્ટ છે.
- ફ્રેન્ચ ઓપન એ ક્લેકોર્ટ પર રમાય છે.
- ઓસ્ટ્રેલિયન ઓપન એ દર વર્ષે વર્ષના પ્રારંભે યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- વિમ્બલ્ડન એ સૌથી જૂની ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.

નોંધ : (1) ટેનિસનું મેદાન કોર્ટ તરીકે ઓળખાય છે.

(2) ટેનિસ ઉપરાંત કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, નેટબોલ, ખો–ખો વગેરેનું મેદાન પણ કોર્ટ તરીકે જ ઓળખાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પંડિત જસરાજ કલ્ચરલ ફાઉન્ડેશન'ની સ્થાપના કરી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયું/ કયા વિધાન સાચા છે ?

(A) તેની સ્થાપના પંડિત જસરાજના પુત્ર શારંગદેવ પંડિત અને તેમની પુત્રી દુર્ગા જસરાજ દ્વારા કરવામાં આવી હતી.

(B) આ ફાઉન્ડેશનનો મુખ્ય ઉદ્દેશ ભારતના રાષ્ટ્રીય વારસા, કલા અને સંસ્કૃતિનું સંરક્ષતા, વિકાસ કરવાનો છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

2. પંડિત જસરાજ કયા ઘરાના સાથે સંકળાયેલા શાસ્ત્રીય સંગીતકાર હતા ?

(A) ગ્વાલિયર (B) કિરાના (C) મેવાતી (D) પટિયાલા (C)

3. સુશ્રી શિયોમારા કાસ્ટ્રો કયા દેશના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યા છે ?

(A) હોન્ડુરાસ (B) બ્રાઝિલ (C) મેક્સિકો (D) સુદાન (A)

4. ઓસ્ટ્રેલિયા ઓપન 2022માં 'મેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) શ્રી રાફેલ નડાલ (B) શ્રી રોજર ફેડરર

(C) શ્રી નોવાક જોકોવિચ (D) શ્રી ડેનિલ મેડવેડેવ (A)

5. ઓસ્ટ્રેલિયા ઓપન 2022માં 'વિમેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?

(A) સુશ્રી ઝેન્ગ શૂઈ (B) સુશ્રી સોફિયા કેનિન

(C) સુશ્રી ડેનિયલ કેલિન્સ (D) સુશ્રી એશ્લે બાર્ટી (D)

6. વિશ્વમાં સૌથી વધારે ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીતનાર શ્રી રાફેલ નડાલ છે. તેમણે અત્યાર સુધીમાં કેટલા ટાઈટલ જીત્યા છે ?

(A) 20 (B) 21 (C) 24 (D) 25 (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# Economic Survey 2021-22




તાજેતરમાં ભારત સરકારનું વર્ષ **2022-23**નું સામાન્ય બજેટ રજૂ થયું તે પહેલા **31 જાન્યુઆરી, 2022**ના રોજ ભારતના નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને સંસદમાં આર્થિક સર્વેક્ષણ **(Economic Survey) 2021-22** રજૂ કર્યુ હતું.

## થીમ

આ વર્ષના આર્થિક સર્વેની કેન્દ્રીય થીમ **'Agile Approach'** છે.

## આર્થિક સર્વેક્ષણ શું છે ?

આર્થિક સર્વેક્ષણ એ એક પ્રકારનો દસ્તાવેજ છે.

- સામાન્ય રીતે કેન્દ્રીય નાણામંત્રી લોકસભામાં જે દિવસે અંદાજપત્ર અથવા તો બજેટ રજૂ કરે તેના એક–બે કે ચાર દિવસ અગાઉ આ દસ્તાવેજ સંસદમાં રજૂ કરવામાં આવે છે.
- જેમાં ચાલુ નાણાકીય વર્ષની અર્થતંત્રની કામગીરીની સમીક્ષા રજૂ કરવામાં આવે છે.
- આ ઉપરાંત તેમાં આગામી નાણાકીય વર્ષ દરમિયાન અર્થતંત્રની કેવી તકો છે તેની આગાહી પણ કરવામાં આવે છે.
- આર્થિક સર્વેક્ષણમાં રજૂ થયેલા વિશ્લેષણને આધારે બજેટમાં નાણાકીય ફાળવણી કેવી રીતે કરવી તેના તથા આગામી વર્ષમાં સંસાધનો કેવી રીતે એકત્ર કરવા તેનો નિર્દેશ મળે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આર્થિક સર્વે નાણા મંત્રાલયના મુખ્ય આર્થિક સલાહકાર (Chief Economic Advisor)ના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવે છે.
- નોંધનીય છે કે હાલમાં ભારતના મુખ્ય આર્થિક સલાહકાર શ્રી વી.અનંત નાગેશ્વરન છે.
- ભારતનો પ્રથમ આર્થિક સર્વે 1950-51માં રજૂ કરવામાં આવ્યો હતો.
- વર્ષ 1964 સુધી તે કેન્દ્રીય બજેટ સાથે રજૂ કરવામાં આવતું હતું.
- પરંતુ હવે તેને બજેટ રજૂ કરવાના એક–બે કે ચાર દિવસ અગાઉ આ દસ્તાવેજ સંસદમાં રજૂ થાય છે.

## આર્થિક સર્વે 2021-22

આર્થિક સર્વે 2021-22માં રજૂ થયેલી કેટલીક મુખ્ય બાબતો આ પ્રમાણે છે :

(1) અર્થતંત્રની સ્થિતિ

(2) નાણાકીય વિકાસ

(3) બાહ્ય ક્ષેત્રો

(4) નાણાકીય વ્યવસ્થાપન અને આર્થિક મધ્યસ્થી

(5) ભાવો અને ફુગાવો

(6) ટકાઉ વિકાસ અને આબોહવા પરિવર્તન

(7) કૃષિ અને ખાદ્ય વ્યવસ્થાપન

(8) ઉદ્યોગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર

(9) સેવાઓ

(10) સામાજિક માળખાકીય સુવિધા અને રોજગારી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અર્થતંત્રની સ્થિતિ (GDP વૃધ્ધિ)

ભારતીય અર્થતંત્ર 2020-21માં 7.3 ટકા ઘટયા બાદ 2021-22માં 9.2 ટકા (પ્રારંભિક અંદાજ)ના દરે વૃધ્ધિ પામશે તેવો અંદાજ છે.

- જ્યારે વર્ષ 2022-23માં GDP વાસ્તવિક અર્થમાં 8 થી 8.5 ટકા દરે વૃધ્ધિ થવાનું અનુમાન કરવામાં આવ્યું છે.
- વર્ષ 2022-23 માટે વર્લ્ડ બેંક અને એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) દ્વારા તાજેતરમાં વાસ્તવિક GDP વૃધ્ધિ માટે કરવામાં આવેલી અનુક્રમે 8.7 ટકા અને 7.5 ટકાની વૃધ્ધિ આગાહી સાથે તુલનાત્મક અનુમાન છે.
- ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)ના તાજેતરના 'વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક' અનુમાન મુજબ ભારતની વાસ્તવિક GDP વૃધ્ધિ વર્ષ 2022-23માં 9% અને 2023-24માં 7.1% રહેવાની ધારણા છે, જે ભારતીય અર્થતંત્રને આગામી ત્રણ વર્ષ સુધી વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બનાવશે.

- ઉચ્ચ વિદેશી હૂંડિયામણ અનામત (**High Forex Reserves**), સતત વિદેશી પ્રત્યક્ષ રોકાણ (**Continuous Foreign Direct Investment**) અને નિકાસમાં વૃધ્ધિનું સંયોજન વર્ષ **2022-23**માં વૈશ્વિક સ્તરે તરલતાના સંભવિત ઘટાડા અથવા સંકુચન (**Tapering**)ની સામે ભારતને નોંધપાત્ર સમર્થન પૂરું પાડશે.



## નાણાકીય વિકાસ

ટકાઉ મહેસુલ સંગ્રહ અને લક્ષ્યાંકિત ખર્ચ નીતિના પરિણામે એપ્રિલ–નવેમ્બર, 2021 દરમિયાન રાજકોષિય ખાદ્ય બજેટ અંદાજના 46.2 ટકા પર સમાવી લેવામાં આવી છે.

- નાણાકીય વર્ષ 2021-22 માટેના 9.6 ટકાના અંદાજપત્રની સરખામણીમાં કેન્દ્ર સરકારની મહેસૂલ પ્રાપ્તિ (એપ્રિલ– નવેમ્બર, 2021)માં 67.2 ટકા (વર્ષના આધારે) વધારો નોંધાયો છે.
- વર્ષ–દર–વર્ષ (YOY) આધારે એપ્રિલ–નવેમ્બર, 2021 દરમિયાન કુલ કર આવકમાં 50 ટકાથી વધુનો વધારો થયો છે.
- તે 2019-20ના પૂર્વ મહામારીના સ્તર કરતા પણ વધુ સારૂ પ્રદર્શન છે.
- ‘કર આવક’એ કેન્દ્ર સરકારના ‘રિસિપ્ટ બજેટ’નો તે ભાગ છે, જે પોતે કેન્દ્રીય બજેટના ‘વાર્ષિક નાણાકીય નિવેદન’નો એક ભાગ હોય છે.
- એપ્રિલ–નવેમ્બર, 2021 દરમિયાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સઘન ક્ષેત્રો (માળખાકીય સઘન ક્ષેત્રો) પર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરીને ‘મૂડી ખર્ચ’ 13.5% (વાર્ષિક ધોરણે) વધ્યો છે.
- કોવિડ– 19 મહામારીના કારણે ધિરાણમાં વધારાની સાથે કેન્દ્ર સરકારનું દેવું વર્ષ 2020-21માં GDPના 59.3 ટકા થઈ ગયું છે, જે વર્ષ 2019-20મા GDPના 49.1 ટકાના સ્તરે હતું.
- જોકે, અર્થતંત્ર સુધરતા હવે તેમાં ઘટાડો થવાની ધારણા છે.

નોંધ : (1) કરની આવક અને સરકારી નીતિઓએ ‘વધારાની રાજકોષીય નીતિ દરમિયાનગીરીની તક’ (An Opportunity for Additional Fiscal Policy Intervention) પૂરી પાડે છે.

(2) મૂડી ખર્ચ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરીયાત પર ભાર મુકતા આર્થિક સર્વે સૂચવે છે કે સરકાર ચાલુ વર્ષ (2021-22) માટે GDPના 6.8%ના રાજકોષીય ખાદ્યના લક્ષ્યને હાંસલ કરવાના ટ્રેક પર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

PSI-ASI-કોન્સ્ટેબલ
મેરીટમાં સ્થાન મેળવવા માટેનું એકમાત્ર વનલાઇનર પુસ્તક
9,000 થી વધુ પ્રશ્ન–જવાબ
- અભ્યાસક્રમ મુજબ ક્રમિક પ્રશ્ન–જવાબ
- 6 મહિનાનું કરંટ અફેર્સ
- આગામી પોલીસ ભરતીની પરીક્ષાઓના એડવાન્સ લેવલના પ્રશ્નો




www.iceonline.in




## બાહ્ય ક્ષેત્રો

ભારતની વાણિજ્યિક નિકાસ અને આયાતમાં ઉત્કૃષ્ટ રિકવરી થઈ છે અને ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન કોવિડ– **19** મહામારી પહેલાના સ્તરને વટાવી ગઈ છે.

- પર્યટનમાંથી નબળી આવક હોવા છતા પ્રાપ્તિ અને ચૂકવણીઓ પૂર્વ મહામારીના સ્તરે પહોંચવા સાથે યોગ્ય વૃધ્ધિ દર્શાવે છે.
- વિદેશી રોકાણમાં સતત વૃધ્ધિ, ગ્રોસ એક્સટર્નલ કોમર્શિયલ બોરોઈંગમાં વૃધ્ધિ (ચોખ્ખા બાહ્ય વ્યાપારી ઉધારીના પુનરુત્થાન), બેન્કિંગ મૂડીમાં સુધારો અને વધારાના વિશેષ ઉપાડ અધિકારો **(Special Drawing Rights-SDR)** ફાળવણીના આધારે **2021-22**ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં કુલ મૂડી પ્રવાહ વધીને **$ 65.6 બિલિયન** થયો છે.

- ભારતનું બાહ્ય દેવું સપ્ટેમ્બર 2021ના અંત સુધીમાં વધીને 593.1 અબજ યુ.એસ ડોલર સુધી પહોંચી ગયું છે. જે અગાઉના વર્ષમાં 556.8 અબજ યુ.એસ ડોલર હતું. જે ઉચ્ચ વ્યાપારી ઉધારીની સાથે સાથે IMF દ્વારા વધારાના SRDની ફાળવણી પ્રતિબિંબિત કરે છે.
- વિદેશી હુંડિયામણ અનામત અથવા વિદેશી મુદ્રા ભંડાર (Foreign Exchange Reserves) વર્ષ 2021-22ના પ્રથમ છ માસિક ગાળામાં 600 અબજ યુ.એસ. ડોલર સુધી પહોંચી ગયું છે અને 31 ડિસેમ્બર 2021 સુધીમાં આ આંકડો વધીને 633.6 અબજ યુ.એસ. ડોલર પહોંચી ગયો છે.
- નવેમ્બર 2021ના અંત સુધીમાં ચીન, જાપાન અને સ્વિત્ઝર્લેન્ડ પછી ભારત સમગ્ર વિશ્વમાં ચોથું સૌથી મોટું વિદેશી હુંડિયામણ ધરાવતો દેશ હતો.



## નાણાકીય વ્યવસ્થાપન અને આર્થિક મધ્યસ્થી

આર્થિક સર્વેક્ષણ 2021-22 નોંધે છે કે એકંદર સિસ્ટમમાં 'તરલતા' સરપ્લસની સ્થિતિ રહી.

- વર્ષ 2021-22માં રેપો રેટ 4 ટકા રહ્યો હતો.
- વધારે તરલતા પ્રદાન કરવા માટે RBI દ્વારા 'સરકારી સિક્યોરિટીઝ એક્વિઝિશન પ્રોગ્રામ' (G-SAP) અને ખાસ લાંબા ગાળાના રેપો ઓપરેશન જેવા પગલાં લીધા છે.
- વ્યાપારી બેંકિંગ સિસ્ટમે (Commercial Banking System) મહામારીની આર્થિક અસરનો સારી રીતે સામનો કર્યો છે :

(a) વાર્ષિક ધોરણે બેંક ધીરાણમાં 2021-22 દરમિયાન તબક્કાવાર વધારો થયો છે. જે એપ્રિલ 2021માં 5.3 ટકાથી વધીને 31 ડિસેમ્બર, 2021 સુધીમાં 9.2% થયો છે.

(b) અનુસૂચિત વાણિજ્ય બેંકો (Scheduled Commercial Bank- SCBs)નો એકંદર બિન–ઉત્પાદક એડવાન્સ રેશિયો 2017-18ના અંતે 11.2% થી ઘટીને સપ્ટેમ્બર 2021ના 6.9% થયો હતો.

(c) આજ સમયગાળા દરમિયાન ચોખ્ખો બિન–ઉત્પાદક એડવાન્સ રેશિયો 6 ટકાથી ઘટીને 2.2 ટકા થયો હતો.

(d) અનુસૂચિત વાણિજ્ય બેંકો (SCBs)નો મૂડી–જોખમ ભારીત મિલકત ગુણોત્તર (Capital- Risk Weighted Asset Ratio) વર્ષ 2013-14માં 13 ટકાથી વધીને સપ્ટેમ્બર 2021ના અંતે 16.54 ટકા થયો હતો.

(e) જાહેર ક્ષેત્રોની બેંકો માટે સપ્ટેમ્બર 2021ના અંતે પૂરા થયેલા સમયગાળા માટે સંપત્તિ અને ઈક્વિટી પરનું વળતર હકારાત્મક રહ્યું છે.

- **મૂડી બજારો માટે અસાધારણ વર્ષ :**

(a) એપ્રિલથી નવેમ્બર 2021 સુધીમાં કુલ 75 IPO (Intial Public Offer)માંથી રૂ. 89,066 કરોડ એકત્ર કરવામાં આવ્યા હતા, જે છેલ્લા દાયકામાં કોઈપણ વર્ષમાં સૌથી વધુ છે.

(b) સેન્સેક્સ અને નિફ્ટી 18 ઓક્ટોબર 2021ના રોજ અનુક્રમે 61,766 અને 18,477ના શિખર સુધી પહોંચી ગયા હતા.

(c) મુખ્ય ઉભરતા બજારોના અર્થતંત્રમાં ભારતીય બજારોએ એપ્રિલથી ડિસેમ્બર, 2021 દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભાવો અને ફૂગાવો

2021-22 (એપ્રિલ થી ડિસેમ્બર) દરમિયાન સરેરાશ હેડલાઈન CPI સંયુક્ત ફૂગાવો ઘટીને 5.2 ટકા થયો છે. જે 2020-21ના સમાન સમયગાળામાં 6.6 ટકા હતો.

- CPI એટલે 'Consumer Price Index'
- ખાદ્ય ફૂગાવો હળવો થવાથી છુટક ફૂગાવા (મોંઘવારી)માં ઘટાડો થયો છે.
- સરેરાશ ખાદ્ય ફૂગાવો 2021-22 (એપ્રિલ થી ડિસેમ્બર)માં 2.9%ના નીચા સ્તરે રહ્યો, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 9.1 ટકા હતો.
- અસરકારક પુરવઠા વ્યવસ્થાપનથી વર્ષ દરમિયાન મોટાભાગની આવશ્યક ચીજવસ્તુઓના ભાવ નિયંત્રણમાં રહ્યા હતા.
- કઠોળ–દાળ અને ખાદ્યતેલોમાં ભાવ વધારાને અંકુશમાં લેવા સક્રિયપણે પગલાં લેવામાં આવ્યા હતા.

- સેન્ટ્રલ એક્સાઈઝમાં (કેન્દ્રીય આબકારી જકાત)માં ઘટાડો તથા મોટાભાગના રાજ્યો દ્વારા મૂલ્યવર્ધિત કરમાં અનુગામી ઘટાડાથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સુધારો કરવામાં મદદ મળી હતી.
- જથ્થાબંધ ભાવ સૂચકાંક (Wholesale Price Index- WPI)ના આધારે જથ્થાબંધ ફૂગાવો 2021-22 (એપ્રિલ થી ડિસેમ્બર) દરમિયાન વધીને 12.5 ટકા થયો છે.
- આ માટે નીચેના કારણો તેના માટે જવાબદાર છે :
  - (a) અગાઉના વર્ષમાં નીચો આધાર
  - (b) આર્થિક પ્રવૃત્તિઓમાં તેજી
  - (c) ક્રૂડ ઓઈલ અને અન્ય આયાતી ચીજવસ્તુઓના આંતરરાષ્ટ્રીય ભાવમાં તીવ્ર વધારો અને
  - (d) હેરફેરનો ઉચ્ચ ખર્ચ
- CPI-C અને WPI ફૂગાવો વચ્ચેનો તફાવત :
  - – મે 2020માં આ તફાવત 9.6 ટકા હતો.
  - – પરંતુ ડિસેમ્બર 2021માં છુટક ફૂગાવો જથ્થાબંધ ફૂગાવાથી 8.0 ટકાથી નીચે આવી જવાથી આ વર્ષે વિચલનમાં વળતો પ્રવાહ જોવા મળ્યો છે.
- આ તફાવતને નીચેના કેટલાક પરીબળો દ્વારા સમજાવી શકાય છે :
  - (1) આધાર અસરને કારણે તફાવત
  - (2) બે સૂચકાંકોના અવકાશ અને કવરેજમાં તફાવત
  - (3) મૂલ્ય સંગ્રહ
  - (4) આવરી લેવામાં આવેલ વસ્તુઓ
  - (5) પદાર્થના વજનમાં તફાવત અને
  - (6) આયાતી કાચા માલની ઊંચી કિંમતને કારણે WPI આધારિત ફૂગાવો સંવેદનશીલ બને છે.
- WPIમાં બેઝ ઈફેક્ટમાં ધીમે ધીમે નાબૂદ કરવાથી CPI-C અને WPI વચ્ચેનું અંતર ઘટશે તેવી અપેક્ષા છે.

## ટકાઉ વિકાસ અને આબોહવા પરિવર્તન

NITI આયોગના SDG ઈન્ડિયા ઈન્ડેક્સ અને ડેશબોર્ડ પર ભારતનો એકંદર સ્કોર 2020-21માં 66 થઈ ગયો, જે 2019-20માં 60 અને 2018-19માં 57 હતો.

- 2020-21માં 22 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ફ્રન્ટ રનર્સની સંખ્યા (65-99 સ્કોર) વધી છે, જે 2019-20માં 10 હતી
- નીતિ આયોગ પૂર્વોત્તર પ્રદેશ જિલ્લા SDG સૂચકાંક 2021-22માં પૂર્વોત્તર ભારતના 64 જિલ્લાઓ સૌથી આગળ હતા અને 39 જિલ્લાઓ પરફોર્મર હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારત વિશ્વનો દસમો સૌથી મોટો વન વિસ્તાર ધરાવતો દેશ છે.
- વર્ષ 2010 થી 2020 દરમિયાન વન વિસ્તારના વધારાના સંદર્ભમાં ભારત 2020માં વિશ્વમાં ત્રીજા ક્રમે છે.
- ઓગસ્ટ, 2021માં 'પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન સુધારો કાયદો, 2021' (Plastic Wast Management Rules, 2021) અધિસૂચિત કરવામાં આવ્યો હતો જેનો ઉદ્દેશ વર્ષ 2022 સુધીમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકને નાબૂદ કરવાનો છે.
- પ્લાસ્ટિક પેકેજિંગ માટે વિસ્તૃત ઉત્પાદક જવાબદારી અંગેના ડ્રાફ્ટ નિયમનની અધિસૂચના આપવામાં આવી છે.
- ગંગા અને તેની ઉપનદીઓના કિનારે અત્યંત પ્રદૂષિત ઉદ્યોગો (GPIs)ની અનુપાલન સ્થિતિ 2017માં 39 ટકાથી વધીને 2020માં 81 ટકા થઈ ગઈ છે.
- વહેતા પાણીમાં ઠાલવવામાં આવતા કચરાનું પ્રમાણ 2017માં દૈનિક 349.19 મિલિયન લીટર હતું તે ઘટીને 2020માં દૈનિક 280.20 મિલિયન લીટર થઈ ગયું છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવેમ્બર, 2021માં ગ્લાસગોમાં યોજાયેલા COP-26માં રાષ્ટ્રીય નિવેદનના ભાગરૂપે ઉત્સર્જન ઘટાડવા માટે 2030 સુધીમાં હાંસલ કરવાના મહત્વાકાંક્ષી લક્ષ્યોની જાહેરાત કરી હતી.
- એક શબ્દ ચળવળ 'LIFE' (પર્યાવરણ માટે જીવનશૈલી) શરૂ કરવાની જરૂરિયાત અનુભવતા તેને વિચાર્યા વિના અને વિનાશક રીતે વપરાશના બદલે સમજી–વિચારીને અને જાણી જોઈને ઉપયોગ કરવા વિનંતી કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## કૃષિ અને ખાદ્ય વ્યવસ્થાપન

છેલ્લા બે વર્ષમાં કૃષિ ક્ષેત્રમાં વૃધ્ધિ જોવા મળી છે.

- દેશમાં કુલ મૂલ્ય વર્ધન (GVA)માં 18.8% (2021-22)નો નોંધપાત્ર વધારો થયો હતો, આમ વર્ષ 2020-21માં 3.6 ટકા અને વર્ષ 2021-22માં 3.9 ટકાનો વધારો નોંધયો હતો.
- પાક વૈવિધ્યકરણને પ્રોત્સાહિત કરવા લઘુત્તમ ટેકાના ભાવ (MSP) નીતિનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.
- પાકના ઉત્પાદનમાંથી થયેલી ચોખી પ્રાપ્તિમાં 2014ના પરિસ્થિતિ મૂલ્યાંકન સર્વે (SAS) અહેવાલની સરખામણીએ તાજેતરના પરિસ્થિતિ મૂલ્યાંકન સર્વે (SAS)માં 22.6%ની વૃધ્ધિ નોંધાય છે.
- પશુપાલન, ડેરી અને મત્સ્ય ઉદ્યોગ સહિતના સંલગ્ન ક્ષેત્રો ઝડપથી ઉચ્ચ વૃધ્ધિના ક્ષેત્રો તરીકે અને કૃષિ ક્ષેત્રમાં એકંદર વૃધ્ધિના મુખ્ય ચાલક તરીકે ઉભરી આવ્યા રહ્યા છે.
- 2019-20ના અંતે પૂરા થતા છેલ્લા પાંચ વર્ષમાં પશુધન ક્ષેત્રે 8.15 ટકાના CAGR થી વૃધ્ધિ પામી છે.
- સરકાર માળખાકીય સુવિધાઓ વિકાસના વિવિધ પગલાઓ લઈને સબસિડી સાથેના પરિવહન અને સુક્ષ્મ ખાદ્ય સાહસોના ઔપચારીકરણ માટે સમર્થન દ્વારા ખાદ્ય પ્રસંસ્કરણની સુવિધા પૂરી પાડે છે.
- ભારતમાં સમગ્ર વિશ્વના સૌથી મોટા ખાદ્ય પ્રસંસ્કરણ કાર્યક્રમો ચાલી રહ્યા છે.
- સરકારે 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (PMGKY)' જેવી યોજનાઓ દ્વારા ખાદ્ય સુરક્ષા નેટવર્ક કવરેજને વધુ વિસ્તૃત કર્યુ છે.




Azadi Ka Amrit Mahotsav
ECONOMIC SURVEY 2021-22
AGRICULTURE, FORESTRY & FISHERIES
Growth Rate of GVA at Basic Prices in per cent
2.6
4.3
3.6
3.9
2018-'19
2019-'20 (1st Revised Estimates)
2020-'21 (Provisional Estimates)
2021-'22 (1st Advance Estimates)

## ઉદ્યોગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર

એપ્રિલથી નવેમ્બર, 2021 સુધીમાં ઓદ્યોગિક ઉત્પાદન સૂચકાંક 17.4% (વાર્ષિક ધોરણે) વધ્યો છે, જ્યારે એપ્રિલથી નવેમ્બર 2020 સુધીમાં (–) 15.3 ટકા હતો.

- ભારતીય રેલવેના મૂડી ખર્ચ 2009-2014 દરમિયાન વાર્ષિક સરેરાશ રૂ. 45,980 કરોડથી વધીને 2020-21માં રૂ. 155,181 કરોડ થયો છે અને 2021-22માં વધીને રૂ. 215,058 કરોડ કરવાનો લક્ષ્યાંક છે.
- આમ 2014ના સ્તરની સરખામણીએ તેમાં પાંચ ગણો વધારો થયો છે.
- 2020-21માં માર્ગ નિર્માણની મર્યાદા વધારીને 36.5 કિ.મી પ્રતિ દિવસ કરવામાં આવી છે, જે વર્ષ 2019-20માં 28 કિ.મી પ્રતિ દિવસ હતો, આમ તેમા 30.4 ટકાનો વધારો થયો છે.
- મહામારીની સ્થિતિ હોવા છતાં 2021-22ના જુલાઈ–સપ્ટેમ્બર ક્વાર્ટરમાં મોટા કોર્પોરેટસના વેચાણનો ચોખ્ખો નફો 10.6 ટકાના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી ગયો છે. (RBI અભ્યાસ)
- PIL (Production Linked Incentives) યોજનાની શરૂઆતથી વ્યવહાર ખર્ચ ઘટાડવા અને બિઝનેસ કરવામાં સરળતા વધારવાના પગલાં સાથે ડિજિટલ અને ભૈતિક માળખાગત બંનેને પ્રોત્સાહન મળ્યું છે, જે પુન :પ્રાપ્તિને ઝડપી બનાવવામાં મદદ કરશે.



# સેવાઓ

## GVA (Gross Value Added)

GVAની સેવાઓ વર્ષ 2021-22ના જુલાઈ–સપ્ટેમ્બર ક્વાર્ટરમાં મહામારીના પહેલાંના સ્તરને વટાવી ગઈ છે.

- સંપર્ક સઘન ક્ષેત્રો જેમ કે વેપાર, પરિવહન વગેરેનો GVA હજુ પણ મહામારી પહેલાંના સ્તરોથી નીચે છે.
- 2021-22માં એકંદર સર્વિસ સેક્ટર GVA 8.2 ટકા વધવાની ધારણા છે.

## FDI (Foreign Direct Invest)

સેવા ક્ષેત્રે વર્ષ 2021-22ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળા દરમિયાન US$ 16.7 બિલિયનથી વધુનું 'વિદેશી પ્રત્યક્ષ રોકાણ' (FDI) મેળવ્યું છે, જે ભારતમાં કુલ FDIના પ્રવાહના લગભગ 54% છે.

## સુધારણા (Improvement)

મુખ્ય સરકારી સુધારાઓમાં IT- BPO સેક્ટરમાં ટેલિકોમ નિયમો દૂર કરવા અને સ્પેસ સેક્ટરને ખાનગી ક્ષેત્રના દિગ્ગજો માટે ખોલવાનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નિકાસ (Export)

વર્ષ 2020-21ના જાન્યુઆરીથી માર્ચ સુધીના ત્રિમાસિક ગાળામાં સેવાઓની નિકાસ મહામારી પહેલાંના સ્તરને વટાવી ગઈ હતી અને 2021-22ના પ્રથમ છ માસિક ગળામાં 21.6% વધી હતી.

- સોફ્ટવેર અને આઈ.ટી સેવાઓની નિકાસ માટેની વૈશ્વિક માંગને કારણે આ મજબૂત બન્યું છે.

## સ્ટાર્ટ-અપ્સ (Start-Ups)

ભારત હવે અમેરિકા અને ચીન પછી વિશ્વમાં ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટ–અપ ઈકોસિસ્ટમ બની ગયું છે.

- નવા માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટ–અપ્સની સંખ્યા વર્ષ 2021-22માં વધીને 14 હજારથી વધુ થઈ ગઈ છે, જે વર્ષ 2016-17માં માત્ર 735 હતી.
- વર્ષ 2021માં 44 ભારતીય સ્ટાર્ટ–અપ્સે યુનિકોર્નનો દરજ્જો પ્રાપ્ત કર્યો છે, આ સાથે યુનિકોર્નની કુલ સંખ્યા 83 પર પહોંચી ગઈ છે.
- જેમાંથી મોટા ભાગના સ્ટાર્ટઅપ સેવા ક્ષેત્રમાં છે.

Azadi Ka Amrit Mahotsav | ECONOMIC SURVEY 2021-22

# SERVICE SECTOR GROWTH




*Growth Rate of GVA at Basic Prices in per cent*



## સામાજિક માળખાકીય સુવિધા અને રોજગાર

16 જાન્યુઆરી, 2022ના રોજ સુધીની સ્થિતિ અનુસાર દેશમાં કોવિડ– 19 રસીના 157.94 કરોડ ડોઝ આપવામાં આવ્યા છે.

- જેમાં 91.39 કરોડને પ્રથમ ડોઝ અને 66.05 કરોડને બીઝો ડોઝ આપ્યો છે.

## રોજગાર (Employment)

અર્થતંત્ર ફરી બેઠુ થઈ રહ્યું હોવાથી, વર્ષ 2020-21ના છેલ્લા ત્રિમાસિક ગાળા દરમિયાન રોજગાર સૂચકાંકો મહામારી પહેલાંના સ્તરે પાછા આવી ગયા છે.

- માર્ચ 2021 સુધી મેળવેલા ત્રિમાસિક 'સામાયિક લેબર ફોર્સ સર્વે' (periodic labor Force Survey-PLFS) ડેટા અનુસાર મહામારીથી પ્રભાવિત શહેરી વિસ્તારોમાં રોજગારની સ્થિતિ લગભગ મહામારી પહેલાનાં સ્તરે પાછી આવી ગઈ છે.
- કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO)ના ડેટા અનુસાર કોવિડ મહામારીની બીજી લહેર દરમિયાન નોકરીઓનું ઔપચારીકરણ ચાલુ રહ્યું હતું.
- નોકરીઓના ઔપચારિકરણ પર Covidની પ્રતિકૂળ અસર Covid- 19ની પ્રથમ લહેરની તુલનામાં ઓછી રહી છે.

## સામાજિક માળખાકીય (Social Infrastructure)

GDPની સપ્રમાણતા તરીકે કેન્દ્ર અને રાજ્યો દ્વારા સામાજિક સેવાઓ (આરોગ્ય, શિક્ષણ અને અન્ય) પર કરવામાં આવતો ખર્ચ 2014-15માં 6.2% હતો.

- તે વધીને વર્ષ 2021-22માં 8.6% થયો છે. (અંદાજપત્ર અનુમાન)
- નેશનલ ફેમિલી હેલ્થ સર્વે– 5 મુજબ :

  (a) કુલ પ્રજનન દર (TFR) વર્ષ 2019-21માં ઘટીને 2 થયો છે, જે વર્ષ 2015-16માં 2.2 હતો.

  (b) શિશુ મૃત્યુદર (IMR) પાંચ વર્ષથી ઓછી ઉંમરના શિશુઓનો મૃત્યુદર ઘટયો છે અને વર્ષ 2015-16ની સરખામણીમાં વર્ષ 2019-21માં હોસ્પિટલો/ડિલિવરી સેન્ટરોમાં શિશુના જન્મમાં સુધારો થયો છે.
- જલ જીવન મિશન (JJM) હેઠળ 83 જિલ્લાઓ 'હર ઘર જલ' જિલ્લા બની ગયા છે.
- મહામારીના સમય દરમિયાન ગ્રામીણ વિસ્તારોમાં અસંગઠિત શ્રમિકો માટે બફર પ્રદાન કરવા માટે મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગારી બાંયધારી યોજના (MNREGS) માટે ભંડોળની ફાળવણી વધારવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આર્થિક સર્વેક્ષણ 2021-22માં દર્શાવેલા કેટલાક મહત્વના Full- Forms

| | | |
|---|---|---|
| CPI-C | : | Consumer Price Index- Combined |
| CPI-IW | : | Consumer Price Index- Industrial Workers |
| CPI-RL | : | Consumer Price Index- Rural Labourers |
| CRR | : | Cash Reserve Ratio |
| EPFO | : | Employees Provident Fund Organization |
| FDI | : | Foreign Direct Investment |
| G-Sec | : | Government Securities |
| GVA | : | Gross Value Added |
| GVC | : | Global Value Chain |
| GDP | : | Gross Domestic Product |
| IPO | : | Initial Public Offering |
| LIFE | : | Lifestyle for Environment |
| NMP | : | National Monetisation Pipline |
| NSE | : | National Stock Exchange of India Ltd |
| NSO | : | National Statistical Office |
| PLI | : | Production- Linked Incentive |
| WPI | : | Wholesale Price Index |
| YoY | : | Year on Year |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ભારતીય કોસ્ટગાર્ડ સ્થાપના દિવસ નીચેના પૈકી કયા દિવસે ઉજવવામાં આવે છે ?

(A) 1 ફેબ્રુઆરી (B) 2 ફેબ્રુઆરી (C) 3 ફેબ્રુઆરી (D) 4 ફેબ્રુઆરી **(A)**

2. 31 જાન્યુઆરી, 2022ના રોજ કોણે સંસદમાં 'આર્થિક સર્વેક્ષણ 2021-22' (Economic Survey 2021-22) રજૂ કર્યો હતો ?

(A) શ્રી પિયુષ ગોયલ (B) શ્રીમતી નિર્મલા સિતારામન

(C) શ્રી અમિત શાહ (D) શ્રીમતી સ્મૃતિ ઈરાની **(B)**

3. 'આર્થિક સર્વેક્ષણ 2021-22'ની થીમ શું હતી ?

(A) Building Climat Ready Communities (B) Digital Equity

(C) Innovate to Recover (D) Agile Approach **(D)**

4. 'આર્થિક સર્વેક્ષણ 2021-22' અનુસાર ભારતીય અર્થતંત્ર 2020-21માં 7.3 ટકા ઘટયા બાદ 2021-22માં.......................... ના દરે વૃધ્ધિ પામશે તેવો અંદાજ છે.

(A) 8.1% (પ્રારંભિક અંદાજ) (B) 9.2% (પ્રારંભિક અંદાજ)

(C) 5.6% (પ્રારંભિક અંદાજ) (D) 4.00% (પ્રારંભિક અંદાજ) **(B)**

5. 'આર્થિક સર્વેક્ષણ 2021-22' અનુસાર 2022-23 દરમિયાન ભારતના GDPનો વૃધ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ?

(A) 6 થી 7.2% (B) 8 થી 8.5% (C) 9 થી 9.5% (D) 5 થી 6.5% **(B)**

6. 'આર્થિક સર્વેક્ષણ 2021-22' અનુસાર વિદેશી મુદ્રા ભંડાર વર્ષ 2021-22ના પ્રથમ છ માસિક ગાળામાં 600 અબજ યુ.એસ ડોલર હતું અને 31 ડિસેમ્બર, 2021 સુધીમાં આ આંકડો વધીને ..........અબજ યુ.એસ ડોલર પહોંચી ગયો છે.

(A) 733.6 (B) 633.6 (C) 533.6 (D) 433.6 **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**7. 'આર્થિક સર્વેક્ષણ 2021' મુજબ 2021-22 (એપ્રિલથી ડિસેમ્બર) દરમિયાન સરેરાશ હેડલાઈન CPI સંયુક્ત ફુગાવો ઘટીને 5.2 ટકા થયો છે જે 2020-21ના સમાન સમયગાળામાં.....................હતો.**

**(A) 6.6 (B) 7.5 (C) 8.9 (D) 8.5** **(A)**

**8. 'આર્થિક સર્વેક્ષણ 2021-22'માં નાણાકીય વિકાસના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?**

**1. નાણાકીય વર્ષ 2021-22 માટેના 9.6 ટકાના અંદાજપત્રની સરખામણીમાં કેન્દ્ર સરકારની મહેસૂલ પ્રાપ્તિ (એપ્રિલ–નવેમ્બર, 2021)માં 67.2 ટકા (વર્ષના આધારે) વધારો નોંધાયો છે.**

**2. વર્ષ–દર–વર્ષ (YoY) આધારે એપ્રિલ–નવેમ્બર, 2021 દરમિયાન કુલ કર આવકમાં 50 ટકાથી વધુનો વધારો થયો છે.**

**3. એપ્રિલ–નવેમ્બર, 2021 દરમિયાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સઘન ક્ષેત્રો પર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરીને 'મૂડી ખર્ચ' 13.5% વધ્યો છે.**

**યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

**(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3** **(D)**

**9. 'આર્થિક સર્વેક્ષણ 2021-22'માં દર્શાવ્યા મુજબ વ્યપારી બેંકિંગ સિસ્ટમે (Commercial Banking System) મહામારીની આર્થિક અસરનો સામનો સારી રીતે કર્યો છે. આ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?**

**(A) વાર્ષિક ધોરણે બેંક ધીરાણમાં 2021-22 દરમિયાન તબક્કાવાર વધારો થયો છે જે એપ્રિલ 2021માં 5.3 ટકાથી વધીને 31 ડિસેમ્બર, 2021 સુધીમાં 9.2% થયું છે.**

**(B) અનુસૂચિત વાણિજ્ય બેંકો (Scheduled Commercial Bank-SCBs)નો એકંદર બિન–ઉત્પાદક એડવાન્સ રેશિયો 2017-18ના અંતે 11.2%થી ઘટીને સપ્ટેમ્બર 2021ના અંતે 6.9% થયો છે.**

**(C) (A) અને બંને (B) સાચા**

**(D) (A) અને બંને (B) ખોટા** **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

10. ‘આર્થિક સર્વેક્ષણ 2021-22’માં દર્શાવ્યા મુજબ ભારત વિશ્વનો કેટલામો સૌથી મોટો વન વિસ્તાર ધરાવતો દેશ છે ?

(A) 7મો (B) 8મો (C) 10મો (D) 11મો (C)

11. આર્થિક સર્વેક્ષણ 2021-22 મુજબ દેશમાં કુલ મૂલ્ય વર્ધન (GVA)માં 18.8% (2021-22)નો નોંધપાત્ર વધારો થયો હતો, આમ વર્ષ 2020-21માં..........ટકા અને વર્ષ 2021-22માં...............ટકાનો વધારો થયો છે.

(A) 3.6, 3.9 (B) 5.3, 5.2 (C) 1.1, 2.3 (D) 6.5, 9.3 (A)

12. આર્થિક સર્વેક્ષણ 2021-22માં ઉદ્યોગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

1. એપ્રિલ થી નવેમ્બર, 2021 સુધીમાં ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક 17.4% (વાર્ષિક ધોરણે) વધ્યો છે, જ્યારે એપ્રિલ થી નવેમ્બર 2020 સુધીમાં (-) 15.3 ટકા હતો.
2. ભારતીય રેલ્વેનો મૂડીખર્ચ 2009-14 દરમિયાન વાર્ષિક સરેરાશ રૂ. 45,980 કરોડથી વધીને 2020-21માં રૂ. 155,181 કરોડ થયો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) વિધાન 1 સાચું છે પરંતુ વિધાન 2 ખોટું છે. (B) વિધાન 1 ખોટું છે પરંતુ વિધાન 2 સાચું છે.

(C) વિધાન 1 અને વિધાન 2 બંને સાચા છે. (D) વિધાન 1 અને વિધાન 2 બંને ખોટા છે. (C)

13. ‘આર્થિક સર્વેક્ષણ 2021-22’ મુજબ સેવા ક્ષેત્રે વર્ષ 2021-22ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળા દરમિયાન US$ 16.7 બિલિયનથી વધુનું ‘વિદેશી પ્રત્યક્ષ રોકાણ’ (FDI) મેળવ્યું છે, જે ભારતમાં કુલ FDIના પ્રવાહના........ટકા છે.

(A) 48 (B) 54 (C) 64 (D) 74 (B)

14. ‘આર્થિક સર્વેક્ષણ 2021-22’ મુજબ સ્ટાર્ટ–અપ્સ વિશે કયું/કયા વિધાન સાચા છે ?

(A) ભારત હવે અમેરિકા અને ચીન પછી વિશ્વમાં ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટ–અપ ઈકોસિસ્ટમ બની ગયું છે.

(B) નવા માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટ–અપ્સની સંખ્યા વર્ષ 2021-22માં વધીને 14 હજારથી વધુ થઈ ગઈ છે.

(C) વર્ષ 2021માં 44 ભારતીય સ્ટાર્ટ–અપ્સે યુનિકોર્નનો દરજ્જો પ્રાપ્ત કર્યો છે.

(D) ઉપરોક્ત તમામ સાચા છે. (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 02 ફેબ્રુઆરી, વિશ્વ આદ્રભૂમિ દિવસ (World Wetland Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 2 ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ આદ્રભૂમિ દિવસ' **(World Wetland Day)**ની ઉજવણી કરવામાં આવે છે.

- આ આદ્રભૂમિ એવો દલદલીય તથા પાણીવાળો ક્ષેત્ર છે જ્યાં સમગ્ર વર્ષ કે વર્ષના એક ભાગ દરમિયાન પ્રાકૃતિક કે કૃત્રિમ રીતે, શાંત કે વહેતું પાણી, ખારું કે મીઠું પાણી, સમુદ્ર કે ગૈરસમુદ્રી એવા જળજમાવ ક્ષેત્રની ઊંડાઈ **6** મીટરથી વધારે ન હોય.
- આદ્રભૂમિ જીવજંતુ, કીટકો તથા વનસ્પતિની દૂર્લભ પ્રજાતિનું નિવાસ સ્થાન છે.
- આ ક્ષેત્ર પોષક તત્વોનું પુનઃનિર્માણ કરે છે તથા ઝેરીલા તત્વને નિષ્ક્રિય કરે છે આથી તેને પ્રકૃતિની કિડની પણ કહેવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ માનવીય પ્રવૃત્તિથી પ્રભાવિત થઈ શકે તેવી આદ્રભૂમિના સંરક્ષણ તરફ ધ્યાન દોરવાનો છે.
- આ દિવસે વર્ષ **1971**માં આદ્રભૂમિના સંરક્ષણ માટે ઈરાનમાં એક બહુપક્ષીય સમજૂતિ થઈ જેને રામસર સંમેલનના નામથી પણ ઓળખવામાં આવે છે. ભારત આ સંમેલનમાં વર્ષ **1982**માં સમાવિષ્ટ થયું હતું.
- વર્ષ **2022**ના વિશ્વ આદ્રૂભૂમિ દિવસની થીમ **"Wetlands Action for People and Nature"** છે.

## વર્લ્ડ હેરિટેજ નોમિનેશન 2022-23

તાજેતરમાં કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે કર્ણાટકમાં બેલુર, હલેબિડુ અને સોમનાથપુરાના હોયસલા મંદિરોને વર્ષ **2022-23** માટે ભારત તરફથી 'વર્લ્ડ હેરિટેજ યાદી' માટે નામાંકિત કરવામાં આવ્યા છે.

- **15 એપ્રિલ, 2014**થી 'હોયસલા મંદિરો' યુનેસ્કોની સંભવિત યાદીમાં છે.
- આ મંદિરો ભારતના સમૃધ્ધ સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાના સાક્ષી છે.
- હોયસલાના મંદિરો ભારતીય પુરાતત્વ સર્વેક્ષણનું સંરક્ષિત સ્મારક છે.

### હોયસલા મંદિરોનું નામાંકન

યુનેસ્કોમાં હોયસલા મંદિરો **(Sacred Ensembles of The Hoysala)**નું નામાંકન યુનેસ્કોમાં ભારતના કાયમી પ્રતિનિધિ શ્રી વિશાલ વી. શર્મા દ્વારા સબમિટ કરવામાં આવ્યું હતું.

- હોઝિયાર સબમિટ કર્યા પછી ટેકનિકલ તપાસ કરવામાં આવશે.
- સાઈટનું મૂલ્યાંકન સપ્ટેમ્બર અથવા ઓક્ટોબર **2022**માં કરવામાં આવશે અને ડોઝિયરને જુલાઈ અથવા ઓગસ્ટ **2023**માં ધ્યાનમાં લેવામાં આવશે.

# બેલુર, હલેબીડુ અને સોમનાથપુરા મંદિરોની વિશેષતાઓ

## ચેન્નાકેશવ મંદિર- બેલુર

આ મંદિર ભગવાન વિષ્ણુને સમર્પિત છે, જેઓ 'ચેન્નાકેશવ' તરીકે ઓળખાય છે.

- જેનો અર્થ થાય છે 'સુંદર' (ચેન્ના) અને 'વિષ્ણુ' (કેશવ).
- આ મંદિર કર્ણાટક રાજ્યના હાસન જિલ્લાના બેલુર શહેરમાં આવેલ છે.
- તે યાગાચી નદીના કિનારે આવેલું છે.
- આ મંદિરનું બાંધકામ ઈ.સ. **1117**માં શરૂ થયું હતું અને **103** વર્ષમાં પૂર્ણ થયું હતું.
- તેના પરિસરમાંથી આશરે ઈ.સ. **1117-18**ના શિલાલેખો મળી આવ્યા છે.
- મંદિરની બહારના ભાગમાં રોજિંદા જીવન, નૃત્ય અને સંગીતના દ્રશ્યો દર્શાવતી સમૃધ્ધ શિલ્પકૃતિઓ છે.
- આ દ્રશ્યો ભગવાન વિષ્ણુના જીવન અને પુનર્જન્મનું વર્ણન કરે છે, તે રામાયણ અને મહાભારત જેવા મહાકાવ્યોનું પણ વર્ણન કરે છે.
- અહિયા ભગવાન શિવ સાથે જોડાયેલા કેટલાંક મંદિરો પણ આવેલા છે.

## હોયસલેશ્વર મંદિર, હાલેબીડ

હાલેબીડુ અથવા હાલેબીડ ખાતે આવેલું હોયસલેશ્વર મંદિર હાલના હોયસાલાનું સૌથી અનુકરણીય સ્થાપત્ય છે.

- તે ઈ.સ. **1121**માં હોયસલા રાજા વિષ્ણુવર્ધન હોયસલેશ્વરના શાસન દરમિયાન બનાવવામાં આવ્યું હતું.
- ભગવાન શિવને સમર્પિત આ મંદિર દોરા સમુદ્રના શ્રીમંત નાગરિકો અને વેપારીઓ દ્વારા પ્રાયોજિત અને બનાવવામાં આવ્યું હતું.
- આ મંદિર દિવાલ સાથે જોડાયેલ **240**થી વધુ શિલ્પો માટે સૌથી પ્રખ્યાત છે.
- હાલેબીડમાં એક દિવાલ સંકુલ છે જેમાં હોયસાલા સમયગાળાના ત્રણ જૈન મંદિરો પણ છે.

## કેશવ મંદિર, સોમનાથપુરા

સોમનાથપુરા ખાતેનું કેશવ મંદિર બીજું ભવ્ય હોયસલા સ્મારક છે.

- જનાર્દન, કેશવ અને વેણુગોપાલના આ ત્રણ સ્વરૂપોમાં ભગવાન કૃષ્ણને સમર્પિત એક સુંદર ત્રિકુટ મંદિર છે.

નોંધ : (1) હોયસલા રાજવંશ દક્ષિણ ભારતમાં ઈ.સ. **1110**થી **1326**ની વચ્ચે અસ્તિત્વમાં હતો.

(2) આ વંશની સ્થાપના નૃપ કામ– 2 દ્વારા કરવામાં આવી હતી.

(3) તેની રાજધાની શરૂઆતમાં બેલુરમાં હતી, પરંતુ પછીથી આ હાલેબીડની સ્થાપના કરવામાં આવી હતી.

(4) આ રાજવંશે મૈસુર, કેરળ, આંધ્રપ્રદેશ અને તમિલનાડુના આધુનિક રાજ્યોના ભાગ પર શાસન કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પશ્ચિમ લહેર અભ્યાસ (Exercise Pachim Lahar)

તાજેતરમાં ભારતીય નૌકાદળ દ્વારા પશ્ચિમ કિનારે અરબી સમુદ્રમાં 'પશ્ચિમ લહેર અભ્યાસ' (**Exercise Pachim Laher**) હાથ ધરવામાં આવ્યો હતો.

- આ અભ્યાસમાં ભારતીય સેના અને ભારતીય વાયુસેના પણ સામેલ હતી.
- આ કવાયત અથવા અભ્યાસ 20 દિવસ સુધી હાથ ધરવામાં આવ્યો હતો.
- ભારતીય સેના, ભારતીય નૌકાદળ અને કોસ્ટગાર્ડ વચ્ચે ઓપરેશનલ સહયોગ વધારવા માટે તેનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ભારતીય નૌકાદળના પશ્ચિમી કમાન્ડે આ કવાયતમાં ભાગ લીધો હતો.
- આ અભ્યાસમાં 40થી વધુ જહાજો અને સબમરીનોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત ભારતીય વાયુસેનાના **SU 30 MKI**, ફ્લાઈંગ રિફ્યુઅલિંગ એરક્રાફ્ટ અને જગુઆર મેરિટાઈમ સ્ટ્રાઈક એરક્રાફ્ટ તૈનાત કર્યા હતા.

નોંધ : (1) ભારતીય નૌકાદળનું પશ્ચિમી કમાન્ડનું મુખ્યાલય મુંબઈમાં આવેલું છે.

(2) ભારતીય નૌકાદળની પૂર્વીય કમાન્ડનું મુખ્યાલય વિશાખાપટ્ટનમ ખાતે આવેલું છે તથા દક્ષિણ કમાન્ડનું મુખ્યાલય કોચીમાં આવેલું છે.



**1.** 'વિશ્વ આદ્રભૂમિ દિવસ' (World Wetland Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 ફેબ્રુઆરી (B) 2 ફેબ્રુઆરી (C) 3 ફેબ્રુઆરી (D) 4 ફેબ્રુઆરી **(B)**

---

**2.** તાજેતરમાં કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય દ્વારા કયા મંદિરોને 'વર્લ્ડ હેરિટેજ યાદી' માટે નામાંકિત કરવામાં આવ્યા છે ?

(A) અગ્નેશ્વર મંદિરો (B) હોયસલા મંદિરો (C) નાગેશ્વર મંદિરો (D) એકપણ નહીં **(B)**

---

**3.** તાજેતરમાં બેલુર, હલેબિડુ અને સોમનાથપુરાના હોયસલા મંદિરોને 'વર્લ્ડ હેરિટેજ યાદી' માટે નામાંકિત કરવામાં આવ્યા હતા. તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) કર્ણાટક (B) ઓડિશા (C) સિક્કિમ (D) મેઘાલય **(A)**

---

**4.** હોયસલા રાજવંશ દક્ષિણ ભારતમાં ઈ.સ. 1110 થી 1326ની વચ્ચે અસ્તિત્વમાં હતો. આ વંશની સ્થાપના કોણે કરી હતી ?

(A) વિષ્ણુ વર્ધન (B) વીર નરસિંહ– 2 (C) વીર સોમેશ્વર (D) નૃપકામ– 2 **(D)**

---

**5.** પશ્ચિમ લહેર અભ્યાસ (Exercise Pachim Laher) વિશે કયું વિધાન સાચું છે ?

(A) આ અભ્યાસ ભારતીય નૌકાદળ દ્વારા તાજેતરમાં પશ્ચિમ કિનારે અરબી સમુદ્રમાં યોજવામાં આવ્યો હતો.

(B) આ અભ્યાસમાં ભારતીય નૌકાદળની પશ્ચિમી કમાન્ડ ઉપરાંત ભારતીય થલસેના અને વાયુસેનાએ પણ ભાગ લીધો હતો.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતીય હોકી ગોલકીપર શ્રી શ્રીજેશને 'વર્લ્ડ ગેમ્સ એથ્લેટ ઓફ ધ યર'થી સન્માનિત કરવામાં આવ્યા

તાજેતરમાં ભારતીય હોકી ગોલકીપર શ્રી પી.આર.શ્રીજેશને 'વર્લ્ડ ગેમ્સ એથ્લેટ ઓફ ધ યર, 2021' (World Games Athlete of The Year)થી સન્માનિત કરવામાં આવ્યા છે.

- આ એવોર્ડ જીતનાર તે બીજા ભારતીય અને બીજા હોકી ખેલાડી છે.
- આ પહેલાં ભારતીય મહિલા ટીમના ખેલાડી સુશ્રી રાની રામપલે આ એવોર્ડ 2019માં જીત્યો હતો.
- નોંધનીય છે કે શ્રી પી.આર.શ્રીજેશ ટોક્યો ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીતનાર મેન્સ ટીમનો ભાગ હતા.

નોંધ : (1) વર્લ્ડ ગેમ્સ એ ઈન્ટરનેશનલ ઓલિમ્પિક સમિતિના સહયોગથી 'ઈન્ટરનેશનલ વર્લ્ડ સ્પોર્ટ્સ ફેડરેશન' દ્વારા દર વર્ષે આયોજિત મલ્ટી–સ્પોર્ટ ઈવેન્ટ છે.

## જનરલ જીએવી રેડ્ડી (GAV Reddy)ને DIAના નવા ચીફ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા

લેફ્ટનન્ટ જનરલ શ્રી જી.એ.વી.રેડ્ડીને 'ડિફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સી' (DIA)ના નવા ચીફ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- તેઓ લેફ્ટનન્ટ જનરલ શ્રી કે.જે.એસ. ઘિલ્લોનનું સ્થાન લેશે.
- ડિફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સીના ડાયરેક્ટર જનરલ સંસ્થાના વડા છે અને સંરક્ષણ મંત્રી અને ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફના ગુપ્તચર સલાહકારોમાંના એક છે.
- ત્રણ સશસ્ત્ર સેવાઓ વચ્ચેના પરિભ્રમણને આધારે ડાયરેક્ટર જનરલની પોસ્ટ નક્કી કરવામાં આવે છે.
- DIAના પ્રથમ મહાનિર્દેશક લેફ્ટનન્ટ જનરલ શ્રી કમલ દાવર હતા.

નોંધ : (1) ડિફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સી (DIA) ભારતીય સશસ્ત્ર દળોને સંરક્ષણ અને લશ્કરી ગુપ્ત માહિતીનું સંકલન અને પ્રદાન કરવા માટે જવાબદાર છે.

(2) તેની રચના માર્ચ 2002માં કરવામાં આવી હતી. તેનું સંચાલન સંરક્ષણ મંત્રાલયના યોગ્ય માર્ગદર્શન હેઠળ કરવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 'Death Penalty in India' રિપોર્ટ

'ડેથ પનલ્ટી ઈન ઈન્ડિયા' રિપોર્ટ અનુસાર વર્ષ 2021ના અંતમાં મૃત્યુદંડની સજા પામેલા કેદીઓની સંખ્યા 488 હતી.

- આ સંખ્યા 17 વર્ષમાં સૌથી વધુ હતી.
- વર્ષ 2021માં 2016 પછી મૃત્યુદંડની સજા પામેલા કેદીઓની સૌથી વધુ સંખ્યા જોવા મળી હતી.
- 2020થી લગભગ 21%નો વધારો થયો હતો.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યૂરો (NCRB) દ્વારા પ્રિઝન સ્ટેટિસ્ટિક્સ ઓફ ઈન્ડિયાના રિપોર્ટની આંકડાની સરખામણીમાં આ 2004 પછી સૌથી વધુ મૃત્યુદંડ સાથેની વસતી છે.

નોંધ : (1) પ્રોજેક્ટ 39Aએ જાન્યુઆરી 2022માં 'મૃત્યુદંડ પર વાર્ષિક આંકડા પર અહેવાલ' બહાર પાડ્યો હતો.

(2) પ્રોજેક્ટ 39A એ ફોજદારી કાયદા સુધારણા હિમાયત જૂથ છે જે નેશનલ લો યુનિવર્સિટી, દિલ્હી ખાતે કાર્યરત છે.

(3) ડેથ પેનલ્ટી ઈન્ડિયા રિપોર્ટ સૌપ્રથમ 6 મે, 2016ના રોજ લોન્ચ કરવામાં આવ્યો હતો.


સામાન્ય વિજ્ઞાન

◆ વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે ◆ [ MCQ BOOSTER ]

પરીક્ષાલક્ષી મહત્ત્વના 1650+ MCQs

- PSI-ASI, કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.
- આ પુસ્તકના લેખન દરમિયાન GCERT અને NCERTના પુસ્તકોનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.
- જીવવિજ્ઞાનની અંદર સમાવિષ્ટ ટોપિક જેમ કે કોષ, પ્રાણી વિજ્ઞાન, મનુષ્યનું શરીર, રોગો, સૂક્ષ્મજીવો વગેરે...તથા ભૌતિક વિજ્ઞાનમાં એકમ, ગતિ, કાર્ય અને ઉર્જા, દબાણ, તરંગ, ધ્વની, વિદ્યુત વગેરે...તથા રસાયણ વિજ્ઞાનમાં ધાતુ-અધાતુ, એસિડ-બેઇઝ, પદાર્થ, આવર્ત કોષ્ટક જેવા તમામ ટોપિકમાંથી 1650+ MCQ તૈયાર કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત પર્યાવરણ, શોધ, શોધક, વૈજ્ઞાનિક સાધનો અને તેમના ઉપયોગો, ગુજરાત, ભારત અને વિશ્વના વૈજ્ઞાનિકોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

NOW AVAILABLE

આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

1. તાજેતરમાં કયા ભારતીય ખેલાડીને 'વર્લ્ડ ગેમ્સ એથ્લેટ ઓફ ધ યર'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) શ્રી મનદીપ સિંઘ
(B) શ્રી પી.આર. શ્રીજેશ
(C) શ્રી વરૂણ કુમાર
(D) શ્રી સુરેન્દર કુમાર

(B)

2. શ્રી પી.આર. શ્રીજેશ કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) હોકી
(B) ક્રિકેટ
(C) વોલીબોલ
(D) ડિસ્ક થ્રો

(A)

3. તાજેતરમાં DIA (ડિફેન્સ ઈન્ટેલિજન્સ એજન્સી)ના નવા ચીફ તરીકે કોની નિયુક્તી કરવામાં આવી છે ?

(A) જનરલ વિક્રમ સિંઘ
(B) જનરલ વી.કે. સિંઘ
(C) જનરલ બિ.સી. જોશી
(D) જનરલ જી.એ.વી. રેડ્ડી

(D)

4. 'ડેથ પનલ્ટી ઈન ઈન્ડિયા' રિપોર્ટ અનુસાર વર્ષ 2021ના અંતમાં મૃત્યુદંડની સજા પામેલા કેદીઓની સંખ્યા _______ હતી.

(A) 588
(B) 488
(C) 388
(D) 288

(B)

5. તાજેતરમાં ચર્ચામાં રહેલ પ્રોજેક્ટ 39A શું છે ?

(A) તે ફોજદારી કાયદા સુધારણા હિમાયત જૂથ છે.
(B) તે ભારતમાં ખાદ્ય ઉદ્યોગ માટે શરૂ કરવામાં આવેલ મિશન છે.
(C) તે ભારતની સબમરીન નિર્માણ માટેનો પ્રોજેક્ટ છે.
(D) તે ભારતના લડાકુ હેલિકોપ્ટર બનાવવા માટેનો પ્રોજેક્ટ છે.

(A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 4 ફેબ્રુઆરી, વિશ્વ કેન્સર દિવસ (World Cancer Day)




સમગ્ર વિશ્વમાં કેન્સર વિશે જાગૃતિ વધારવા તથા તેના નિવારણ, નિદાન અને સારવારને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે 4 ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ કેન્સર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનિયન ફોર ઈન્ટરનેશનલ કેન્સર કંટ્રોલ (UICC) દ્વારા વર્ષ 2008 થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

### વર્ષ 2022 થી 2024 સુધીની થીમ

વર્ષ 2022 થી 2024 સુધીની 'વિશ્વ કેન્સર દિવસ'ની થીમ 'Closs the Care Gap' છે.

## India Press Freedom Report, 2021



'ઈન્ડિયા પ્રેસ ફ્રીડમ રિપોર્ટ, 2021' તાજેતરમાં રાઈટ્સ એન્ડ રિસ્ક્સ એનાલિસિસ ગ્રુપ દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો.

- આ રિપોર્ટ અનુસાર દેશમાં 13 મીડિયા હાઉસ અને અખબારોને નિશાન બનાવવામાં આવ્યા હતા, 108 પત્રકારો પર હુમલા થયા હતા અને 6 પત્રકારોની હત્યા કરવામાં આવી હતી.
- પત્રકારો પર સૌથી વધુ હુમલા જમ્મુ–કાશ્મીરમાં થયા છે.
- જમ્મુ–કાશ્મીરમાં પત્રકારોએ 25થી વધુ હુમલાનો સામનો કરવો પડયો છે.
- ત્યારબાદ ઉત્તરપ્રદેશ બીજા સ્થાને છે. ઉત્તરપ્રદેશમાં પત્રકારોએ 23થી વધુ હુમલાનો સામનો કર્યો છે.
- ઉત્તરપ્રદેશ પછી મધ્યપ્રદેશ (16), ત્રિપુરા (15), દિલ્હી (8), બિહાર (6), આસામ (5), હરિયાણા (4), મહારાષ્ટ્ર (4), ગોવા અને મણિપુર (3), પ.બંગાળ (2), કર્ણાટક (2), તમિલનાડુ (2), આંધ્રપ્રદેશ (1), કેરળ (1) અને છતીષગઢે (1) હુમલાનો સામનો કર્યો છે.
- મોટાભાગના હુમલા જમ્મુ–કાશ્મીરમાં થયા છે. બીજી તરફ ત્રિપુરામાં બિન–રાજ્ય તત્વો દ્વારા સૌથી વધુ હુમલા જોવા મળ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 75 વર્ષ બાદ મણિપુરમાં પહોંચી પ્રથમ માલસામાન ટ્રેન




**27 જાન્યુઆરી, 2022**ના રોજ પ્રથમ માલસામાન ટ્રેન મણિપુરના રાની ગોડિનલિયુ સ્ટેશન પર આવી હતી.

- આઝાદીના 75 વર્ષ બાદ મણિપુરમાં પ્રવેશનારી આ પ્રથમ માલસામાન ટ્રેન છે, તે મણિપુર રાજ્યમાં થઈ રહેલા ઝડપી પરિવર્તનને દર્શાવે છે.
- મણિપુર એક પહાડી રાજ્ય છે. આ કારણોસર આ વિસ્તારમાં રેલવે લાઈન બાંધવી મુશ્કેલ હતી.
- મણિપુરમાં બનેલી આ નવી રેલવે લાઈન **111 કિલોમીટર** લાંબી છે.
- તે જીરીબામથી ઈમ્ફાલ સુધી ચાલે છે.
- જીરીબામ રેલવે સ્ટેશન આસામ–મણિપુર બોર્ડરથી **17** કિ.મી દૂર છે.
- રેલવે વિભાગ નવી રેલવે લાઈન સાથે **46** ટનલ બનાવશે. તેમાં **153** પુલોનો પણ સમાવેશ થાય છે.
- આ લાઈનમાં વિશ્વનો સૌથી ઊંચો રેલવે પુલ પણ આવેલ છે.

GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલાર્ક, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ગુજરાતનો ઈતિહાસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ગુજરાતનો ઈતિહાસ વિષયમાં તમામ પરીક્ષાલક્ષી વિગતોને પદ્ધતિસર આવરી લેતું પુસ્તક
- પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ગુજરાતમાં વિભાગને અંતે Most IMP Topic અલગ ચેપ્ટર સ્વરૂપે
- યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, GCERT તથા NCERTના ઈતિહાસના પુસ્તકોના વિશેષ સંદર્ભનો નિચોડ
- ઈતિહાસની તમામ ઘટનાઓને ક્રમબદ્ધ રીતે આલેખવામાં આવેલું પુસ્તક

ફ્રી બુક લેટ 1700+ MCQ નો સમાવેશ




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને www.iceonline.in પર ઉપલબ્ધ છે.

1. 'વિશ્વ કેન્સર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 2 ફેબ્રુઆરી (B) 3 ફેબ્રુઆરી (C) 4 ફેબ્રુઆરી (D) 5 ફેબ્રુઆરી (C)

2. વર્ષ 2022ની (અથવા તો 2022 થી 2024 સુધીની) 'વિશ્વ કેન્સર દિવસ'ની થીમ શું છે ?

(A) I can we can (B) We can I can

(C) Closs the care gap (D) Cancer, care- gap (C)

3. 'India Press Freedom Report, 2021' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ રાઈટ્સ એન્ડ રિસ્ક્સ એનાલિસિસ ગ્રુપ દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો.

2. આ રિપોર્ટ અનુસાર પત્રકારો પર સૌથી વધુ હુમલા જમ્મુ–કાશ્મીરમાં થયા છે.

3. જમ્મુ–કાશ્મીર બાદ ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ પત્રકારો પર હુમલા થયા છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

4. આઝાદીના 75 વર્ષ બાદ તાજેતરમાં કયા રાજ્યમાં પ્રથમ માલસામાન ટ્રેન પહોંચી હતી ?

(A) મણિપુર (B) મેઘાલય (C) આસામ (D) સિક્કિમ (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 5 ફેબ્રુઆરી, મહાસુદ પાંચમ-વસંતપંચમી



સમગ્ર ભારતમાં મહાસુદ પાંચમ 'વસંતપંચમી' તરીકે ઉજવાય છે.

- પ્રાચીન ભારતીય પંરપરા અનુસાર વસંતપંચમી એ મા સરસ્વતીની ઉપાસનાનો શ્રેષ્ઠ દિવસ છે.
- આથી વસંતપંચમીને 'જ્ઞાનપંચમી' તરીકે પણ ઓળખવામાં આવે છે.

નોંધ : (1) વર્ષ 2022માં 5 ફેબ્રુઆરીના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## ચૌરી-ચૌરા ઘટનાના 100 વર્ષ

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ચૌરી–ચૌરા' ઘટનાના 100 વર્ષ પૂર્ણ થવા નિમિતે સ્વતંત્રતા સંગ્રામના વીરોને શ્રધ્ધાંજલી આપી હતી.

### શું હતી ચૌરી- ચૌરા ઘટના ?

'ચૌરી– ચૌરા' એ ઉત્તરપ્રદેશના ગોરખપુર જિલ્લામાં આવેલું એક શહેર છે.

- ચૌરી–ચૌરાની ઘટના 4 ફેબ્રુઆરી, 1922ના રોજ ચૌરી–ચૌરા શહેરમાં અસહકાર આંદોલન દરમિયાન બની હતી.
- આ દિવસે આંદોલનના વિરોધીઓના મોટા જૂથની પોલીસ સાથે અથડામણ થઈ હતી.
- પોલીસે ભીડ પર ગોળીબાર કર્યો જેમાં કેટલાંક લોકો માર્યા ગયા અને કેટલાય સ્વયંસેવંકો ઘાયલ થયા હતા.
- જવાબી કાર્યવાહીમાં ટોળાએ પોલીસ સ્ટેશનને આગ ચાંપી હતી.
- આ ઘટનામાં 22 પોલીસ કર્મચારીઓ અને 3 નાગરિકોના મોત થયા હતા.
- આ હિંસાને કારણે મહાત્મા ગાંધીજીએ 12 ફેબ્રુઆરી, 1922ના રોજ અસહકાર આંદોલન પાછું ખેંચી લીધું હતું.
- ગાંધીજીએ આ ઘટનાની નિંદા કરી અને આ ઘટના માટે સહાનુભૂતિ વ્યક્ત કરવા અને પ્રાયશ્ચિત કરવા માટે 'ચૌરી–ચૌરા રાહત ફંડ'ની સ્થાપના કરવામાં આવી હતી.
- બ્રિટિશ સરકારે આરોપીઓ સામે આક્રમક કાર્યવાહી કરી હતી.
- સેશન્સ કોર્ટે 225 માંથી 172 આરોપીઓને તાત્કાલિક મૃત્યુદંડની સજા ફટકારી હતી. જોકે આખરે દોષિતોમાંથી માત્ર 19ને જ ફાંસી આપવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતમાં બે નવી રામસર સાઈટ ઉંમેરવામાં આવી

ભારત સરકારે તાજેતરમાં બે નવી રામસર સાઈટનો ઉંમેરો કર્યો છે.

- આ બે નવી સાઈટ વિશ્વ આદ્રભૂમિના દિવસે ઉંમેરવામાં આવી હતી.
- આ બે નવી ઉમેરાયેલી સાઈટ આ મુજબ છે :

(1) ખીજડિયા પક્ષી અભયારણ્ય– ગુજરાત

(2) બખીરા વન્યજીવ અભયારણ્ય–ઉત્તરપ્રદેશ

### ખીજડિયા પક્ષી અભયારણ્ય

ખીજડિયા પક્ષી અભયારણ્ય જામનગર જિલ્લાના જોડિયા તાલુકામાં આવેલું છે.

- ખીજડિયા પક્ષી અભયારણ્યને વિદેશથી સ્થળાંતર કરનારા પક્ષીઓનું સ્વર્ગ માનવામાં આવે છે.
- અહીં મીઠા પાણીના તેમજ ખારા પાણીના એમ બે પ્રકારના જળપ્લાવિત વિસ્તારો એકબીજાની અરસપરસ આવેલા છે.
- અહીં પક્ષીઓની **300**થી વધુ પ્રજાતિઓ નોંધાઈ છે જેમાંના 170 જાતિના પક્ષીઓ યાયાવર છે.
- વર્ષ **1982**માં આ સ્થળને અભયારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.

### બખીરા વન્યજીવ અભયારણ્ય

આ અભયારણ્ય ઉત્તરપ્રદેશના ગોરખપુરના પશ્ચિમમાં આવેલું છે.

- તે ભારતની સૌથી મોટી કુદરતી પૂરની આદ્રભૂમિ **(Flood Plain Wetland)** છે.
- તે નિવાસી પક્ષીઓ માટે સવંર્ધન સ્થળ છે અને સંખ્યાબંધ સ્થળાંતર કરનારા પક્ષીઓ માટે સ્ટેજીંગ સ્થળ છે.
- સાઈબેરીયન પક્ષીઓ શિયાળા દરમિયાન આ આદ્રભૂમિની મુલાકાત લે છે.
- આ સિવાય ચીન, યુરોપ, તિબેટ અને સાઈબેરિયાના પક્ષીઓ શિયાળા દરમિયાન આ તળાવની મુલાકાત લે છે.

નોંધ : (1) બે નવી રામસર સાઈટનો ઉંમેરો થતા ફેબ્રુઆરી, 2022 સુધીમાં ભારતમાં કુલ 49 રામસર સાઈટ છે.

### ગુજરાતમાં આવેલ 4 રામસર સાઈટ

| ક્રમ | સાઈટ |
|---|---|
| 1 | નળસરોવર પક્ષી અભયારણ્ય |
| 2 | વઢવાણા (ડભોઈ પાસેનું) |
| 3 | થોળ (મહેસાણા) |
| 4 | ખીજડિયા પક્ષી અભયારણ્ય (જામનગર) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ભારતમાં કયો દિવસ 'વસંતપંચમી' તરીકે ઉજવાય છે ?

(A) માગસર સુદ પાંચમ (B) માગસર વદ પાંચમ

(C) મહાસુદ પાંચમ (D) મહાવદ પાંચમ (C)

2. ભારતમાં 'વસંતપંચમી' બીજા કયા નામે ઓળખાય છે ?

(A) મોક્ષપંચમી (B) વીણાપંચમી (C) જ્ઞાનપંચમી (D) ઉપાસનાપંચમી (C)

3. ફેબ્રુઆરી, 2022માં ભારતની કેટલા સ્થળનો રામસર સાઈટમાં સમાવેશ કર્યો છે ?

(A) 2 (B) 4 (C) 5 (D) 6 (A)

4. તાજેતરમાં 'બખીરા વન્યજીવ અભયારણ્ય'ને રામસર સાઈટમાં સમાવેશ કર્યો છે. તે કયા રાજ્યમાં આવેલ છે ?

(A) ઉત્તરપ્રદેશ (B) ઉત્તરાખંડ (C) બિહાર (D) હરિયાણા (A)

5. તાજેતરમાં ખીજડિયા અભયારણ્યનો રામસર સાઈટમાં સમાવેશ થયો છે. તે ગુજરાતના કયા જિલ્લામાં સ્થિત છે ?

(A) મોરબી (B) પોરબંદર (C) ભાવનગર (D) જામનગર (D)

6. તાજેતરમાં 'ચૌરી–ચૌરા ઘટના'ના 100 વર્ષ પૂર્ણ થયા છે. આ ઘટના ક્યારે ઘટી હતી ?

(A) 4 ફેબ્રુઆરી, 1922 (B) 4 ઓગસ્ટ, 1922

(C) 4 જાન્યુઆરી, 1922 (D) 4 માર્ચ, 1922 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER

## ગુજરાત

➤ **ગુજરાતને મોતિયા- અંધત્વમુક્ત રાજ્ય બનાવવાની ઝુંબેશનો ગાંધીનગરથી પ્રારંભ**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મોતિયા–અંધત્વમુક્ત ગુજરાત ઝુંબેશનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો છે. આ સાથે તેમણે આગામી વર્ષ 2025 સુધીમાં રાજ્યમાં અંધત્વનો દર ઘટાડીને 0.25 ટકા સુધી લઈ જવાનો ધ્યેય દર્શાવ્યો છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું છે કે રાષ્ટ્રીય અંધત્વ અને દૃષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ રાજ્યમાં અમલી છે. ગુજરાતમાં 2014માં થયેલા સર્વે મુજબ અંધત્વનો જે દર 0.7 ટકા હતો તે ઘટીને 2018-19માં 0.36 ટકા થયો છે.

➤ **મુખ્યમંત્રી શિષ્યવૃતિ યોજનાનો લાભ હવે ધોરણ 10 પછી ડિપ્લોમાં અને ડિપ્લોમાંથી ડિગ્રીમા પ્રવેશ મેળવનાર યુવાઓને મળશે.**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા તેજસ્વી અને જરૂરતમંદ યુવા વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનામાં આવરી લેવાનો હિતકારી નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ કરેલા આ નિર્ણય અનુસાર હવે ધોરણ– 10 પાસ કર્યા પછી ડિપ્લોમાં અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ તેમજ ડિપ્લોમા પાસ કર્યા પછી ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર યુવાઓને મુખ્યમંત્રી શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળશે. આ યોજનાનો લાભ લેવા માટે પાત્રતા નિર્ધારિત કરવામાં આવી છે. તે મુજબ ધોરણ 10 પછી ડિપ્લોમાં અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનારા પાત્રતા પ્રાપ્ત વિદ્યાર્થીને અભ્યાસક્રમ માટે નિયત થયેલ વાર્ષિક ટ્યૂશન ફી ની 50 ટકા રકમ અથવા રૂ. 50 હજાર પૈકી જે ઓછું હોય તેટલી રકમ મંજૂર કરવામાં આવશે. તથા ડિપ્લોમાંથી ડિગ્રીમાં પ્રવેશ મેળવનારા પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ઈજનેરી તથા પ્રોફેશનલ કોર્સ માટે ટ્યૂશન ફીના 50 ટકા રકમ અથવા રૂ. 1 લાખ પૈકીની જે રકમ ઓછી હશે તે મળવાપાત્ર થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **મધ્યપ્રદેશના જબલપુરમાં ભારતનો પ્રથમ જીઓલોજિકલ પાર્ક બનાવવામાં આવશે.**

ભારતનો પ્રથમ ભૂસ્તરશાસ્ત્રીય ઉદ્યાન (Geological Park) મધ્યપ્રદેશના જબલપુરમાં લમહેટા ખાતે બનાવવામાં આવશે. આ પાર્ક માટે મંજૂરી ખાણ મંત્રાલય હેઠળના જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા આપવામાં આવી હતી. આ પાર્ક પાંચ એકર જમીનમાં 35 કરોડના રોકાણ સાથે બનાવવામાં આવશે. આ જિઓલોજિકલ પાર્ક લમહેટામાં બનાવવામાં આવશે કારણ કે આ સ્થળ ભૂસ્તરશાસ્ત્રીય દષ્ટિકોણથી વિશ્વના મહત્વપૂર્ણ સ્થળોમાંનું એક છે. જીઓપાર્ક એક સંકલિત વિસ્તાર છે, જે ટકાઉ રીતે જીઓલોજિકલ હેરિટેજના સંરક્ષણ અને ઉપયોગને આગળ ધપાવે છે.

➤ **શ્રી સુભાષ ચંદ્ર ગર્ગ તેમનું પુસ્તક 'The $10 Trillion Dream'નું વિમોચન કરશે.**

ભૂતપૂર્વ નાણા સચિવ શ્રી સુભાષ ચંદ્ર ગર્ગ 'ધ 10 ટ્રિલિયન ડ્રીમ' નામનું પુસ્તક લોન્ચ કરશે. આ પુસ્તક વર્તમાનમાં ભારત સામેના મહત્વના નીતિ વિષયક મુદ્દાઓ પર પ્રતિબિંબિત કરે છે. તે આ મુદ્દાઓને ઉકેલવા અને 2030ના મધ્ય સુધીમાં US $ 10 ટ્રિલિયન અર્થતંત્ર બનવા માટે સુધારાઓનું પણ સૂચન કરે છે. આ પુસ્તક ફેબ્રુઆરી 2022ના અંતમાં બહાર પાડવામાં આવશે. આ પુસ્તક પેંગ્વિન રેન્ડમ હાઉસ ઈન્ડિયા (PRHI) દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે.

➤ **NIPER Research Portal**

NIPERનું પૂરું નામ 'National Institute of Pharmaceutical Education and Research' છે. રસાયણ મંત્રાલયે ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં નવીનતા અને સંશોધનને સરળ બનાવવા માટે તાજેતરમાં NIPER પોર્ટલ શરૂ કર્યું છે. NIPER સંશોધન પોર્ટલ NIPERની સંશોધન પ્રવૃત્તિઓ વિશે માહિતી પ્રદાન કરશે. આ પોર્ટલ NIPERની પેટન્ટ અને પ્રકાશન માહિતી પણ સૂચિબધ્ધ કરશે. તે તમામ NIPER સંશોધન વિગતો એક જગ્યાએ રાખશે. આ પોર્ટલ સંશોધકોને યોગ્ય સંસ્થાઓનો સંપર્ક કરવામાં તથા ફાર્માસ્યુટિકલ ઉદ્યોગોના વિકાસમાં મદદ કરશે. NIPER એ રાષ્ટ્રીય સ્તરના ફાર્માસ્યુટિકલ ઉદ્યોગોનું એક જૂથ છે.

➤ **ભારતે INS વિક્રાંત પર રાફેલનું પરીક્ષણ કર્યુ**

રાફેલ ફાઈટર જેટના મેરીટાઈમ વર્ઝનનું તાજેતરમાં INS વિક્રાંત પર સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. એરક્રાફ્ટ કેરિયરમાંથી રાફેલ જેટના ટેક ઓફની તપાસ કરવા માટે આ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. INS વિક્રાંત એરક્રાફ્ટ કેરિયર કેટપલ્ટ લોન્ચનો ઉપયોગ કરે છે અને આ એરક્રાફ્ટે લોન્ચ વખતે સારૂ પ્રદર્શન કર્યુ હતું. કેટપલ્ટ એક ઉપકરણ છે જે એરક્રાફ્ટને નાની જગ્યામાંથી ઉડવા માટે સક્ષમ બનાવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **GAILએ કુદરતી ગેસ પ્રણાલીમાં હાઈડ્રોજન સંમિશ્રણ માટે ભારતનો પ્રથમ પ્રોજેક્ટ શરૂ કર્યો**

ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL)એ મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે કુદરતી ગેસ પ્રણાલીમાં હાઈડ્રોજન સંમિશ્રણ માટે ભારતનો પ્રથમ પ્રકારનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. HPCL સાથે GAILની સંયુક્ત સાહસ કંપની અવંતિકા ગેસ લિમિટેડને હાઈડ્રોજન બ્લેન્ડેડ નેચરલ ગેસ સપ્લાય કરવામાં આવશે. GAILએ નેશનલ હાઈડ્રોજન મિશનને અનુરૂપ 'હાઈડ્રોજન બ્લેન્ડિંગ પ્રોગ્રામ' શરૂ કર્યો છે. હાઈડ્રોજન આધારિત અને કાર્બન તટસ્થ ભાવિ તરફ ભારતની યાત્રામાં આ પ્રોજેક્ટ એક મહત્વપૂર્ણ પગલું છે.

➤ **વિન્ટર ઓલિમ્પિક્સનો રાજકીય બહિષ્કાર : ભારત**

ગાલવન ઘટનામાં સામેલ એક ચીની સૈનિકને ઓલિમ્પિક મશાલધારક તરીકે પસંદ કરવાના બેઈજિંગના પગલાની નિંદા કરતા ભારતે વિન્ટર ઓલિમ્પિકનો રાજકીય બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. આનો અર્થ એ થયો કે ભારત રાજદ્વારી સ્તરે ઓલિમ્પિકનો બહિષ્કાર કરશે, જોકે ભારતીય એથ્લેટ્સ આ ઈવેન્ટમાં ભાગ લેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ

➤ **ઉત્તર કોરિયાએ 'હ્વાસોંગ-12'(Hwasong-12) મિસાઈલ લોન્ચ કરી**

ઉત્તર કોરિયાએ 30 જાન્યુઆરી, 2022ના રોજ તેની 'હ્વાસાંગ– 12' મધ્યવર્તી રેન્જની બેલેસ્ટિક મિસાઈલ લોન્ચ કરી હતી. જાન્યુઆરી મહિનો ઉત્તર કોરિયા માટે મિસાઈલ પરીક્ષણોના સૌથી વ્યસ્ત મહિનાઓમાંનો એક હતો. 'હ્વાસોંગ– 12' (Hwasong-12)ના પ્રક્ષેપણ સાથે ઉત્તર કોરિયા પરમાણુ શસ્ત્રોની ડિલિવરી માટે તેની વિશ્વસનીય પ્રણાલીઓને સુનિશ્ચિત કરવાના પ્રયાસોને પ્રકાશિત કરે છે.

➤ **શ્રી સાર્જિયો મટેરેલા (Sergio Mattarella) બીજા કાર્યકાળ માટે ઈટાલીના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા**

તાજેતરમાં ઈટાલીના રાષ્ટ્રપતિ શ્રી સાર્જિયો મટેરેલા ઈટાલીના રાષ્ટ્રપતિ તરીકે બીજા કાર્યકાળ માટે ચૂંટાયા છે. તેમને 983 સંસદો અને પ્રાદેશિક પ્રતિનિધિઓમાંથી 759 મત મળ્યા છે. 2022 ઈટાલિયન રાષ્ટ્રપતિની ચૂંટણી 24 જાન્યુઆરીથી 29 જાન્યુઆરી, 2022 દરમિયાન રોમમાં યોજાઈ હતી. ઈટાલીની રાજધાની અને સૌથી મોટું શહેર રોમ છે.

➤ **બોમ્બ ચક્રવાત**

તાજેતરમાં 'બોમ્બ ચક્રવાત' પૂર્વ અમેરિકામાં ત્રાટક્યું હતું. જેના કારણે વાહન વ્યવહારની સમસ્યા સર્જાઈ હતી. બોમ્બ સાયક્લોન એ એક તીવ્ર મધ્ય–અક્ષાંશ ચક્રવાત છે, તેના કેન્દ્રમાં હવાનું દબાણ ઓછુ હોય છે અને ખરાબ હવામાન અને બરફના તોફાનથી લઈને ગંભીર વાવાઝોડા અને ભારે વરસાદ સુધીની વિવિધ હવામાન પેટર્ન દ્વારા વર્ગીકૃત કરવામાં આવે છે. બોમ્બ ચક્રવાત સામાન્ય રીતે શિયાળા દરમિયાન ઉદ્‌ભવે છે.

➤ **SpaceXએ ઈટાલીનો પૃથ્વી-અવલોકન ઉપગ્રહ લોન્ચ કર્યો**

1 ફેબ્રુઆરી, 2022ના રોજ SpaceXએ ઈટાલીનો પૃથ્વી–અવલોકન ઉપગ્રહ Cosmo- Skymed સેકન્ડ જનરેશન FM2 (CSG-2) લોન્ચ કર્યો છે. આ ઉપગ્રહ પૃથ્વી પર દેખરેખ રાખશે અને જોખમ વ્યવસ્થાપન, વન અને પર્યાવરણીય સંરક્ષણ, નકશાશાસ્ત્ર, કુદરતી સંસાધન સંશોધન, જમીન વ્યવસ્થાપન અને દરિયાઈ ડેટાની દેખરેખ માટે ડેટા પ્રદાન કરશે. સિસ્ટમમાં બે ઉપગ્રહોનો સમાવેશ થાય છે, જે સિન્થેટિક એપરચર રડાર (SAR)નો ઉપયોગ કરીને પૃથ્વીનું નિરીક્ષણ કરવા માટે રચાયેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE ? Questions

➤ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કયાંથી ગુજરાતને મોતિયા–અંધત્વમુક્ત રાજ્ય બનાવવાના અભિયાનનો પ્રારંભ કર્યો છે ? – ગાંધીનગર

➤ મધ્યપ્રદેશના ________માં ભારતનો પ્રથમ જીઓલોજિકલ પાર્ક બનાવવામાં આવશે. – જબલપુર

➤ 'The $ 10 Trillion Dream' પુસ્તક કોનું છે ? – શ્રી સુભાષ ચંદ્ર ગર્ગ

➤ તાજેતરમાં ચર્ચામાં રહેલ NIPER શું છે ? – રાષ્ટ્રીય સ્તરનું ફાર્માસ્યુટિકલ ઉદ્યોગનું જૂથ

➤ તાજેતરમાં કયા દેશે 'હ્વાસોંગ– 12' મિસાઈલ લોન્ચ કરી ? – ઉત્તર કોરિયા

➤ શ્રી સાર્જિયો મટેરેલા કયા દેશના રાષ્ટ્રપતિ છે ? – ઈટાલી

➤ તાજેતરમાં પૂર્વીય અમેરિકામાં કયું ચક્રવાત ત્રાટક્યું હતું ? – બોમ્બ ચક્રવાત

➤ તાજેતરમાં SpaceXએ કયા દેશનો પૃથ્વી–અવલોકન ઉપગ્રહ લોન્ચ કર્યો છે ? – ઈટાલી

➤ ભારતે તાજેતરમાં કયા જહાજ પર રાફેલનું સફળ પરીક્ષણ કર્યુ હતું ? – INS વિક્રાંત

➤ GAILએ કયા સ્થળે કુદરતી ગેસ પ્રણાલીમાં હાઈડ્રોજન સંમિશ્રણ માટેનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે ? – ઈન્દોર

➤ ભારત વિન્ટર ઓલિમ્પિકસનો રાજકીય બહિષ્કાર કરશે તે કયા દેશમાં યોજાવાનો છે ? – ચીન

1. તેલીનેલાપુરમ આંતરરાષ્ટ્રીય પક્ષી અભયારણ્ય કયા રાજ્યમાં આવેલું છે ? – આંધ્રપ્રદેશ

(તેલિનેલાપુરમ આંતરરાષ્ટ્રીય પક્ષી અભયારણ્ય આંધ્રપ્રદેશના શ્રીકાકુલમ જિલ્લામાં આવેલું છે. તાજેતરમાં આ પક્ષી અભયારણ્યમાં સ્પોટ–બિલ્ડ પેલિકન્સ પક્ષીઓના મૃત્યુ થયા છે.)

2. તાજેતરમાં સમાચારમાં રહેલ વિશ્વની સૌથી મોટી કોરલ રીફ સિસ્ટમ ગ્રેટ બેરિયર રીફ કયા દેશમાં આવેલી છે ? – ઓસ્ટ્રેલિયા

3. તાજેતરમાં કયો દેશ ઉર્જા સુરક્ષા પર યુરોપિયન યુનિયન સાથે સહયોગ કરવા સંમત થયો છે ? – અમેરિકા

4. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે 'AP સેવા પોર્ટલ 2.0' લોન્ચ કર્યુ છે ? – આંધ્રપ્રદેશ

5. એક રિપોર્ટ અનુસાર વર્ષ 2022 સુધીમાં વિશ્વમાં સ્ટીલનું સૌથી વધુ ઉત્પાદન કરતો કયો દેશ હશે ? – ચીન

6. એશિયા કપ 2022માં ભારતીય મહિલા હોકી ટીમનો ક્રમ શું છે ? – ત્રીજો

7. કયા કેન્દ્રીય મંત્રાલયે 'Services e-Health Assistance and Teleconsultation' (SeHAT) પહેલ શરૂ કરી છે ? – સંરક્ષણ મંત્રલાય

8. સ્પાઈકવેક્સ (Spikevax) રસી, જેને US FDA તરફથી સંપૂર્ણ મંજૂરી મળી છે, તે કઈ ફાર્મા કંપની દ્વારા બનાવવામાં આવી છે ? – મોડર્ના

9. અમેરિકા દ્વારા તાજેતરમાં કયા દેશને તેના મુખ્ય બિન–નાટો સહયોગી તરીકે જાહેર કરવામાં આવ્યો છે ? – કતાર

10. ..........માં ભારતીય સેના દ્વારા ઓપરેશન સદભાવના શરૂ કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય ઉદ્દેશ આ ક્ષેત્રમાં આતંકવાદથી પ્રભાવિત લોકોને મદદ કરવાનો છે. – જમ્મુ–કાશ્મીર

11. કયા દેશે વિશ્વના સૌથી મોટા સમુદ્ર લોક ઈજમુઈડન સી લોકનું ઉદ્ઘાટન કર્યુ છે ? – નેધરલેન્ડ

12. કયા રાજ્યએ શાસનમાં સુધારો લાવવા માટે 'પ્રોજેક્ટ સદભાવના' શરૂ કર્યો છે ? – આસામ

(આસામના મુખ્યમંત્રી શ્રી હિમંતા બિસવા સરમાએ 'સદભાવના પ્રોજેક્ટ' શરૂ કર્યો છે. તે એક વર્ષમાં રાજ્ય સચિવાલયમાં પડેલી 4-5 લાખથી વધુ પેન્ડિંગ ફાઈલોને ક્લિયર કરવાનો લક્ષ્યાંક ધરાવે છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**13.** 6 ફેબ્રુઆરી, 2022ના રોજ ઈંગ્લેન્ડના રાણી એલિઝાબેથે શાસનના કેટલા વર્ષ પૂર્ણ કર્યા છે ? – 70

**14.** સુપર હોર્નેટ કયા દેશ દ્વારા ઉત્પાદિત ફાઈટર એરક્રાફટ છે ? – અમેરિકા

**15.** તાજેતરમાં માથા વગરના ઘોડા પાસે દફનાવવામાં આવેલા માણસના હાડપિંજરના અવશેષો કયા દેશમાંથી મળી આવ્યા છે ? – જર્મની

**16.** ઉત્તરપૂર્વના કયા રાજયએ તાજેતરમાં IT ક્ષેત્ર માટે સમર્પિત ‘ટેકનોલોજી પાર્ક’નું ઉદ્‌ઘાટન કર્યુ છે ? – મેઘાલય

**17.** Exim બેંક અને................ દેશની સરકારે 2 ફેબ્રુઆરી, 2022ના રોજ US 500 મિલિયન લોન કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – શ્રીલંકા

**18.** ન્યુઝીલેન્ડના કયા બેટ્સમેનને ‘ICC સ્પિરિટ ઓફ ક્રિકેટ એવોર્ડ’થી સન્માનિત કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – શ્રી ડેરીલ મિશેલ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS






**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT